RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 012 Dt. 31-07-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




**ટ્રમ્પનું કહેવું ભારત અમારો મિત્ર છે, પરંતુ કેટલાક વર્ષોમાં પ્રમાણમાં ઓછો વેપાર કર્યો છે કારણ કે તેમના ટેરિફ ખૂબ ઊંચા છે**

# ભારત પર 25%નો ટેરિફ બોમ્બ

## રશિયા સાથેના ભારતના વ્યાપારિક ગાઢ સંબંધોના પગલે અમેરિકાના પેટમાં રેડાયું તેલ

નવીદિલ્હી, તા. ૩૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧ ઓગસ્ટથી ભારત પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું કે મિત્રો હોવા છતાં, ભારત અને અમેરિકાએ પ્રમાણમાં ઓછો વેપાર કર્યો છે. ૨૫ ટકા ટેરિફ લાદવાની સાથે, અમેરિકાએ ભારત પાસેથી દંડ વસૂલવાની પણ વાત કરી છે. અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૦-૨૫ ટકા ટેરિફ લાદવાનો સંકેત આપ્યો હતો. તેમણે નવી દિલ્હી પર અન્ય કોઈપણ દેશ કરતાં અમેરિકા પર ''સૌથી વધુ ટેરિફ'' લાદવાનો આરોપ લગાવીને આ મોટા પગલાની તૈયારી કરી હતી. લગભગ ૧૨ કલાક પછી, તેમણે ભારત પર ૨૫ ટકા ટેરિફ અને વધારાના દંડની જાહેરાત કરી. ''યાદ રાખો, ભારત અમારો મિત્ર છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં અમે તેમની સાથે પ્રમાણમાં ઓછો વેપાર કર્યો છે કારણ કે તેમના ટેરિફ ખૂબ ઊંચા છે, વિશ્વમાં સૌથી વધુ છે, અને તેમની પાસે કોઈપણ દેશ કરતાં સૌથી વધુ ભારે અને ઘૃણાસ્પદ બિન-નાણાકીય વેપાર અવરોધો છે,'' તેમણે પોસ્ટમાં લખ્યું.

ટ્રમ્પે મોસ્કો સાથે ભારતના લશ્કરી અને ઉર્જા સહયોગની પણ ટીકા કરી, ભારતને રશિયાનો સૌથી મોટો ઉર્જા ખરીદનાર અને મુખ્ય શસ્ત્ર ગ્રાહક ગણાવ્યો. ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું, વધુમાં, ભારતે હંમેશા તેના લશ્કરી સાધનોનો મોટો હિસ્સો રશિયા પાસેથી ખરીદ્યો છે, અને ચીન સાથે, તેઓ રશિયન ઊર્જાના સૌથી મોટા ખરીદદાર છે, એવા સમયે જ્યારે દરેક ઇચ્છે છે કે રશિયા યુક્રેનમાં હત્યાઓ બંધ કરે - બધું બરાબર નથી! તેથી ભારતે ૧ ઓગસ્ટથી ઉપરોક્ત બાબતો માટે ૨૫% ટેરિફ અને દંડ ચૂકવવો પડશે. આ બાબત પર ધ્યાન આપવા બદલ આભાર. ટ્રમ્પે અગાઉ ૨ એપ્રિલના રોજ ભારતીય માલ પર ૨૬% ટેરિફ લાદ્યો હતો, જેમાં ''પારસ્પરિક'' વેપાર શરતોની જરૂરિયાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે, તે ટેરિફ તરત જ સ્થગિત કરવામાં આવ્યા હતા.

ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર હજુ સુધી અંતિમ સ્વરૂપ પામ્યો નથી. અમેરિકા તેના સમૃદ્ધ ખેડૂતો માટે ભારતનું બજાર ઇચ્છે છે. પરંતુ ભારત પોતાના નિર્ણયો પર અડગ છે. બંને દેશો વચ્ચે અનેક તબક્કાની વાતચીત થઈ છે. પરંતુ કરાર હજુ સુધી અંતિમ સ્વરૂપ પામ્યો નથી. આવતા મહિને, યુએસ પ્રતિનિધિમંડળ વેપાર સોદા પર આગામી રાઉન્ડની વાટાઘાટો માટે ભારત આવશે. આ મહિનાની શરૂઆતમાં, વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું હતું કે ભારત સમયમર્યાદાના આધારે કોઈપણ વેપાર સોદો કરતું નથી અને જો તે અંતિમ સ્વરૂપ આપવામાં આવે, યોગ્ય રીતે કરવામાં આવે અને રાષ્ટ્રીય હિતમાં હોય તો જ તે અમેરિકા સાથે પ્રસ્તાવિત વેપાર સોદો સ્વીકારશે.



### રાષ્ટ્રીય હિતોનું સમાધાન

ટ્રમ્પની જાહેરાત બાદ કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું, આ ભારતીય અર્થતંત્ર માટે વિનાશક રહેશે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ અને શસ્ત્રો ખરીદવા બદલ ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે, ઉપરાંત દંડ પણ લાદ્યો છે. આ ત્યારે થયું જ્યારે મોદી ટ્રમ્પને આકર્ષવા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહ્યા હતા.તેમણે વધુમાં કહ્યું કે આ સ્પષ્ટ સંકેત છે કે ભાજપ સરકાર અને વડા પ્રધાને ભારતના રાષ્ટ્રીય હિત સાથે કેવી રીતે સમાધાન કર્યું છે. આ પગલાથી આપણા અર્થતંત્ર, આપણા સ્થાનિક ઉદ્યોગ, આપણી નિકાસ અને પરિણામે રોજગાર પર દૂરગામી પરિણામો આવશે.

### ભારતની વિદેશ નીતિ નિષ્ફળ?

કોંગ્રેસના સાંસદ ઉજ્જવલ રમણ સિંહે કહ્યું, ભારતના લોકો અમેરિકા સામે ઝૂકશે નહીં. અમે કહેતા આવ્યા છીએ કે ભારતની વિદેશ નીતિ નિષ્ફળ ગઈ છે અને હવે અમે અમારી આર્થિક નીતિને પણ નિષ્ફળ થતી જોઈ રહ્યા છીએ.

### શું ટ્રમ્પ પોતાનો નિર્ણય પાછો ખેંચશે?


ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલે કહ્યું, ભારત સરકાર ચોક્કસપણે આ અંગે કેટલાક પગલાં લેશે. ભારત સરકાર યુએસ વહીવટીતંત્ર સાથે પણ વાત કરી શકે છે. આ નિર્ણય પછી, વસ્તુઓ ચોક્કસપણે મોંઘી થશે. આપણે તેનો અભ્યાસ કરવો પડશે કે બજાર પર તેની શું અસર પડશે.તેમણે વધુમાં કહ્યું, દુર્ભાગ્યપૂર્ણ છે કે ટેરિફ લાદવામાં આવ્યા છે. મને આશા છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર ટૂંક સમયમાં આનો અહેસાસ કરશે અને આ નિર્ણય પાછો ખેંચી લેશે.

**ઇન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન વિંગ દ્વારા 30 લાખથી વધુના દસ્તાવેજોના રિપોર્ટમાં અપૂરતી માહિતી હોવાથી કાર્યવાહી**

# રાજકોટની રજીસ્ટ્રાર કચેરી પર ITના દરોડા

રાજકોટ, તા. ૩૦

હાલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર માટે સૌથી મહત્વની વાત એ જ છે કે તેમની આવકમાં ઉતરોતર વધારો નોંધાય પરંતુ છેલ્લા ઘણા સમયથી કરદાતા દ્વારા કરચોરી કરવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે તેમના ઉપર સર્ચ અને સર્વેની કામગીરી પણ થઈ રહી છે. મળતી માહિતી મુજબ ગઈકાલે રાજકોટ આવકવેરા વિભાગની ઇન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન વિંગ દ્વારા રજીસ્ટાર કચેરીમાં દરોડા પાડવામાં આવ્યા હતા એટલો જ નહીં આ દરોડા પાછળનો મુખ્ય હેતુ પણ એ જ હાલ પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યો




છે કે ૩૦ લાખથી વધુના દસ્તાવેજો નો જે રિપોર્ટ આવકવેરા વિભાગને મળતો હોય તેમાં ઘણી ખરી વિગતો અધૂરી હતી જે અંગે હાલ સર્વે અને સર્ચની કામગીરી ચાલુ થઈ હતી.

રાજકોટ શહેર અને જિલ્લામાં પ્રતિ દિવસ અનેકવિધ દસ્તાવેજો થતા હોય છે અને તેમાં પણ જો માહિતી છુપાવવામાં આવતી હોય તો અનેકવિધ શંકાઓ ઉદભવે ત્યારે ખરી વાસ્તવિકતા નો અંદાજ લાવવા અને તે અંગે પ્રકાશ પાડવા માટે હાલ આવકવેરા વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ આ અંગે સમયાંતરે તપાસ કરવામાં આવતી હોય છે પરંતુ રજિસ્ટ્રાર કચેરીમાં દરોડા પાડવા તે ખૂબ મોટી બાબત કહી શકાય ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ અંગે હજુ અનેકવિધ ચોકાવનારા ખુલાસાઓ સામે આવે તો નવાઈ નહીં.

# રાજકોટ સહિત રાજ્યભરમાં ૧૭ લાખની નકલી દવાઓ જપ્ત

## સ્ટોકમાંથી લેવામાં આવેલા ૨૦ નમૂનાઓને વધુ તપાસ માટે મોકલવામાં આવ્યા : રાજકોટથી ૩૨ ડુપ્લિકેટ દવાઓની સ્ટ્રીપ મળી આવી

રાજકોટ, તા. ૩૦

ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA)એ અનેક શહેરોમાં મોટા પાયે દરોડા પાડ્યા અને ૧૭ લાખ રૂપિયાની નકલી એલોપેથિક દવાઓ જપ્ત કરી. આ દરોડા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં પાડવામાં આવ્યા હતા.

સ્ટોકમાંથી લેવામાં આવેલા ૨૦ નમૂનાઓને વધુ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. FDCA કમિશનર ડો. એચ.જી. કોશિયાએ પુષ્ટિ આપી હતી કે એજન્સીની ગુપ્તચર શાખા (IB)ની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા વહેલી સવારે વટવામાં અરુણસિંહ અમેરાના નિવાસસ્થાને દરોડો પાડવામાં આવ્યો હતો અને નકલી દવાઓનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અમરાઈવાડીમાં નિલેશ ઠક્કરની મિલકત અને બાપુનગરના ચામુંડા નગરમાં સ્થિત પારસ કેમિસ્ટની મિલકતમાંથી ૧૨ લાખ રૂપિયાની નકલી દવાઓ મળી આવી હતી. ફક્ત અમદાવાદમાંથી જ કુલ ૧૫ લાખ રૂપિયાની દવાઓ જપ્ત કરવામાં આવી હતી. વડોદરામાં, અધિકારીઓએ ઓલ કેર મેડિસિનમાંથી નકલી દવાઓની ૧૧૫ સ્ટ્રીપ્સ જપ્ત કરી. સુરતના અધિકારીઓએ ગૌરવ પ્રજાપતિની માલિકીની શિવાય મેડિકો પાસેથી ૧૩૬ પાટો જપ્ત કરી. રાજકોટમાં દરોડા દરમિયાન, જીગ્નેશ વઘાસિયાની નિર્મલ મેડિકલ એજન્સીમાંથી ૩૨ સ્ટ્રીપ્સ જપ્ત કરવામાં આવી હતી. FDCA અધિકારીઓએ જણાવ્યું હતું કે નકલી દવાઓ- જેમાં ટોરેન્ટ ફાર્માની ચાયમોરલ ફોર્ટે, GSKની ઓગમેન્ટિન અને ઈપ્કાની ઝેરોડોલ-SPનો સમાવેશ થાય છે - ગુજરાતની બહારથી મંગાવવામાં આવી હતી.

આ દવાઓ બિલ વિના રોકડમાં ખરીદવામાં આવી હતી, બજાર કિંમત કરતાં અડધા ભાવે,




અને તેમાં ચાક પાવડર મળી આવ્યો હતો. સપ્લાય ચેઇનમાં વધુ કડીઓ શોધવા માટે તપાસ ચાલુ છે. FDCAએ તાજેતરમાં સુરત સ્થિત એક કંપની પર નકલી કોસ્મેટિક્સ ઓનલાઈન વેચવા બદલ દરોડા પાડ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદમાં અગાઉ સન ફાર્માના ઉત્પાદન લેવિપિલ ૫૦૦ ની નકલી ગોળીઓ જપ્ત કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તાજેતરમાં સુરત ખાતે ઓનલાઇન મીસો પર વેચાણ કરતી નકલી બનાવટી કોસ્મેટિક ઉત્પાદન કરતી પેઢી દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ ખાતે સન ફાર્માની ડુપ્લિકેટ લેવીપીલ ૫૦૦ ટેબલેટનું વેચાણ પણ અગાઉ પકડી પડ્યું હતું. આમ, વિવિધ પેઢીઓ પર પાડેલ દરોડાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર અને ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા ઇસમોમાં ફફડાટ ફેલાઇ રહ્યો છે.

રાજકોટ ખાતે મે. નિર્મલ મેડિકલ એજન્સી, મોટી ટાંકી ચોક, રાજકોટની પેઢીના માલિક જીગ્નેશ વઘાસીયાને ત્યાંથી ૩૨ ડુપ્લિકેટ દવાઓની સ્ટ્રીપ પકડવામાં આવી હતી. આ ઉપરાંત અમદાવાદ શહેરની અન્ય જગ્યાઓ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતેથી વેચાણ થયેલ જગ્યાઓએ પણ દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી

**ગુજરાત ATSને મળી મોટી સફળતા**

# અલ-કાયદાની મહિલા આતંકી સમા પ્રવીણની ધરપકડ

## બેંગ્લોરથી ઝડપાયેલી આતંકી સોશિયલ મીડિયાની મદદથી આતંકવાદી વિચારધારા ફેલાવતી હતી






અમદાવાદ, તા. ૩૦

ગુજરાત એટીએસે બેંગલુરુથી એક ૩૦ વર્ષીય મહિલાની ધરપકડ કરી છે, જેના પર આતંકવાદી જૂથ 'અલ-કાયદા ઇન ધ ઇન્ડિયન સબકોન્ટિનેન્ટ' (AQIS) સાથે જોડાણ હોવાનો આરોપ છે. શમા પ્રવીણ નામની આ છોકરી મૂળ ઝારખંડની છે. ગુજરાત સરકારનું કહેવું છે કે સોશિયલ મીડિયાની મદદથી તે આતંકવાદી વિચારધારા ફેલાવવામાં વ્યસ્ત હતી. ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ શમાની ધરપકડને મોટી સફળતા ગણાવી છે અને કહ્યું છે કે તેનું પાકિસ્તાન કનેક્શન છે. શમા પ્રવીણને બેંગલુરુના હેબ્બલમાં મોનારાયણપાલ્યા ખાતેના તેના ભાડાના ઘરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તે અહીં તેના નાના ભાઈ સાથે રહેતી હતી જે બેંગલુરુમાં કામ કરે છે. STS સૂત્રો કહે છે કે અધિકારીઓ સોશિયલ મીડિયા પર એવા લોકોને ટ્રેક કરી રહ્યા હતા જેઓ આતંકવાદી મોડ્યુલના સંપર્કમાં છે અને ઉગ્રવાદી વિચારો ધરાવતી સામગ્રી શેર કરે છે. આ અંતર્ગત તાજેતરમાં આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. હવે તેમના સંપર્કમાં રહેલી શમાની પણ ધરપકડ કરવામાં આવી છે.

શમા અપરિણીત અને બેરોજગાર છે. એવો આરોપ છે કે તે તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ભડકાઉ ભાષણો અને જેહાદી સામગ્રી અપલોડ કરતી હતી અને લોકોને તેનું સમર્થન કરવા માટે કહેતી હતી. તેણી કથિત રીતે આતંકવાદી મોડ્યુલના સંપર્કમાં હતી અને પ્રતિબંધિત સંગઠનો સાથે સહાનુભૂતિ ધરાવતી હતી. તે એટીએસ દ્વારા તાજેતરમાં ધરપકડ કરાયેલા લોકોનો પીછો કરતી હતી. ધરપકડ બાદ, ATSએ તેને બેંગલુરુની સ્થાનિક કોર્ટમાં રજૂ કર્યો અને ટ્રાન્ઝિટ વોરંટ મેળવ્યું. ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ATSએ અગાઉ ચાર AQIS આતંકવાદીઓની ધરપકડ કરી છે. ગઈકાલે બીજી એક મોટી સફળતા મળી. બેંગલુરુની એક મહિલા ખૂબ જ કટ્ટર આતંકવાદી છે. ઓનલાઈન ટ્યુટરિંગ મોડ્યુલ પર કામ કરે છે. વિવિધ ઉપકરણો પરથી તેના મહત્વપૂર્ણ પાકિસ્તાની સંપર્કો પણ મળી આવ્યા છે.

તાજેતરમાં, ગુજરાત ATSએ AQIS સાથે જોડાયેલા એક આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો અને ચાર લોકોની ધરપકડ કરી હતી. એક નિવેદનમાં, ATSએ કહ્યું હતું કે ચારેય શખ્સો સશસ્ત્ર બળવા દ્વારા દેશમાં લોકશાહી વ્યવસ્થાને ઉથલાવી પાડવા અને 'શરિયા કાયદો' લાદવાના ઉદ્દેશ્ય સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર AQISના જેહાદી પ્રચાર વીડિયો સહિત કટ્ટરપંથી અને ઉશ્કેરણીજનક સામગ્રી શેર કરવામાં સામેલ હતા. ગુપ્ત માહિતીના આધારે, અઝજ એ પાંચ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર નજર રાખી અને તેમને ચલાવતા ચાર લોકોની ધરપકડ કરી. આમાંથી બે ગુજરાતના રહેવાસી છે. પોલીસે ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ દિલ્હીના રહેવાસી મોહમ્મદ ફૈક, નોઈડા (ઉત્તર પ્રદેશ) ના રહેવાસી ઝીશાન અલી, ગુજરાતના અરવલ્લી જિલ્લાના રહેવાસી સૈફુલ્લાહ કુરેશી અને અમદાવાદના રહેવાસી મોહમ્મદ ફરદીન શેખ તરીકે કરી છે.

ATS અનુસાર, તેણી AQIS અને કેટલાક અન્ય કટ્ટરપંથી ઉપદેશકોની ઉશ્કેરણીજનક અને ભારત વિરોધી સામગ્રી શેર કરવા માટે ૧૦,૦૦૦ થી વધુ ફોલોઅર્સ સાથે બે ફેસબુક પેજ અને એક ઇન્સ્ટાગ્રામ હેન્ડલ ચલાવતી હતી. અન્સારીની બેંગલુરુના આરટી નગર વિસ્તારમાં આવેલા તેના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. એક અઠવાડિયા પહેલા ATS દ્વારા તેમના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ દ્વારા આવી સામગ્રી શેર કરવા બદલ ધરપકડ કરાયેલા ચાર લોકોમાંથી એક સાથે તેણી જોડાયેલી હતી.

ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગની સાથોસાથ ગુજરાત ચેમ્બરના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમનું આયોજન

# ભારત-UK વેપાર કરાર પર યોજાયું ઓપન ફોરમ

## ગુજરાત ચેમ્બર અને સરકારનું માનવું આ કરારથી કાપડ, લેધર, ફૂટવેર જેવા વિવિધ ઉદ્યોગોને નિકાસની અનેકવિધ નવી તકો મળશે

અમદાવાદ તા. ૩૦

અમદાવાદ ખાતે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં ''ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર પર કેન્દ્રિત ઓપન ફોરમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી-GCCI દ્વારા રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ તેમજ વિદેશ વેપાર મહા નિર્દેશાલય સાથે સંયુક્ત રીતે આયોજિત કાર્યક્રમમાં ઐતિહાસિક મુક્ત વેપાર કરાર થકી ભારત-યુ.કે. વચ્ચે રહેલી વ્યાપાર અને રોકાણની નવી તકો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં ભારતે વિશ્વની ચોથી મોટી શક્તિ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર થકી આગામી સમયમાં ભારત ત્રીજી સૌથી મોટી વિશ્વ શક્તિ બનવા તરફના આપણા પ્રયત્નોને વિશેષ ગતિ પ્રાપ્ત થશે. આ કરારથી રાજ્યના ઉત્પાદકો, નિકાસકર્તાઓ અને સ્ટાર્ટઅપ્સ માટે યુ.કે. જેવા વિકસિત બજારમાં પ્રવેશ સરળ બનશે, જે ગુજરાત માટે પણ એક સોનાનો અવસર બની રહેશે. આ કરાર ભારતને એક નવી અર્થતંત્રની ઊંચાઈ તરફ લઈ જશે અને વોકલ ફોર લોકલથી ગ્લોબલ સુધીનો હેતુ સિદ્ધ કરશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. મંત્રી રાજપૂતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ફૂડપાર્ક માટેના ખર્ચ તેમજ લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા માટે રાજ્ય સરકારે લીધેલા વિવિધ પગલાઓ થકી ઉદ્યોગોને થનાર ફાયદાઓ વિશે ઉપસ્થિત ઉદ્યોગકારોને માહિતગાર કર્યા હતા.




શાબ્દિક સ્વાગત કરતાં GCCIના પ્રમુખ સંદીપ એન્જિનિયરે કહ્યું કે, CETA એ યુ.કે. સાથે ભારતના જોડાણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે આર્થિક એકીકરણને મજબૂત કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. એન્જિનિયરે ભારત દ્વારા યુ.કે.માં થતી ૯૯ ટકા નિકાસ માટે અભૂતપૂર્વ ડ્યુટી-મુક્ત ઍક્સેસ પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે આ કરારથી કાપડ, દરિયાઈ ઉત્પાદનો, લેધર, ફૂટવેર, રમતગમતના સામાન, રમકડાં અને રત્નો અને ઘરેણાં વગેરે વિવિધ ઉદ્યોગો માટે નિકાસની અનેકવિધ નવી તકો ઊભી થશે.

રાજ્યના ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ મમતા વર્માએ જણાવ્યું હતું કે, ઈઊઝઅ આપણા રાષ્ટ્ર માટે ખૂબ જ ગર્વની ક્ષણ તેમજ એક ઐતિહાસિક અને વ્યૂહાત્મક કરાર છે, જે ''વિકસિત ભારત૨૦૪૭''ના વિઝન તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે ઉમેર્યું કે, ભારતથી યુ.કે.માં ઉત્પાદનની નિકાસ પર શૂન્ય ડ્યુટીથી ઉત્પાદનોના નિકાસને ખૂબ વેગ મળશે. વિદેશ વેપાર મહા નિર્દેશાલયના સંયુક્ત નિયામક રાહુલ સિંહે જણાવ્યું હતું કે, CETA થકી ૯૯ ટકા ટેરિફ લાઇનને ડ્યુટી નાબૂદ કરતાં ભારતના ઉત્પાદનોના નિકાસને મોટો વેગ પ્રાપ્ત થશે, જે અંદાજે ૧૦૦ ટકા વેપાર મૂલ્યને આવરી લે છે. તેમણે ઉમેર્યું કે, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં યુ.કે. સાથેના ભારતના વેપાર દ્વારા નિકાસમાં એકંદરે સકારાત્મક વલણ જોવા મળ્યું છે.

ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપે ભારત માટે ડ્યુટી ફ્રી એક્સેસ ધરાવતા ઉત્પાદનોની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત ખનિજ બળતણ અને તેલ, કાગળના ઉત્પાદનો, ઇલેક્ટ્રિકલ મશીનરી, ફાર્માસ્યુટિકલ્સ, ઝવેરાત, સિરામિક્સ, ન્યુક્લિયર રિએક્ટર, બોઇલર અને મશીનરી જેવા ક્ષેત્રોમાં ઉત્પાદનોના અગ્રણી નિકાસકારોમાંનું એક રાજ્ય છે. કમિશનરએ RMG, હોમ ટેક્સટાઇલ, કાર્પેટ અને હસ્તકલા જેવા ક્ષેત્રોની વિગતો પણ આપી હતી, જેમાં પ્રસ્તુત સમજૂતીને કારણે વિક્રમજનક વિકાસની શક્યતાઓ રહેલી છે.

# રાજ્ય સરકાર આરોગ્ય ક્ષેત્રે રિસર્ચને અપાશે પ્રાધાન્ય

## સ્કીમ ફોર પ્રમોટિંગ રિસર્ચ ઈન હેલ્થ એન્ડ મેડિકલ કેરને આપી મંજૂરી

### રિસર્ચ માટે પ્રોજેક્ટ દીઠ દસ લાખની સહાય રાજ્ય સરકાર આપશે



રાજકોટ, તા. ૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય આરોગ્ય સેવા, સુવિધાઓને સતત શ્રેષ્ઠત્તમ બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તબીબી વિજ્ઞાની અંદરમાં નવા જ્ઞાન, નિદાન અને ચિકિત્સાની નવી પધ્ધતિઓન તેમજ રોગોનો બોજ, તેના ફેલાવા, તેની પાછળના પરિબળો પર સંશોધન કરી શકાય તેમજ રાજયમા તબીબ સંશોધનના માહોલને પ્રોત્સાહન મળે તે માટે જનહિતલક્ષી બનાવવા રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા નવીન યોજના સ્કીમ ફોર પ્રમોટીંગ રિસર્ચ ઇન હેલ્થ એન્ડ મેડિકલ કેર શરૂ કરવામાં આવી છે. જેને વહીવટી મંજૂરી અપાઇ છે.

જે અંતર્ગત રાજ્યની સરકારી મેડિકલ કોલેજીસ, જીલ્લા/પેટા જીલ્લા અને સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ખાતેના ફેકલ્ટી/તજજ્ઞો કે જેમાં MBBS/MS/ MD/ MCH/DM/DNB અથવા એલાઇડ સંવર્ગના ડ્વઉ ધરાવનાર ફેકલ્ટીને લાભ આપવામાં આવશે. આ યોજના હેઠળ રીસર્ચ સહાય આપવા માટે પ્રોજેક્ટ દીઠ મહત્તમ રૂ. ૧૦ લાખનું ભંડોળ તથા ગ્રાન્ટ આપવામાં આવશે. ૧૦ લાખથી ઉપરના પ્રોજેક્ટ માટે ભારત સરકારની સ્કીમ, ICMR અને અન્ય ઓર્ગેનાઇઝેશન અથવા અન્ય રીસર્ચ સ્કીમમાંથી અનુદાન મેળવવા રાજ્ય સરકાર દ્વારા ભલામણ કરવામાં આવશે.

ડોકટરો દ્વારા હાથ ધરવામાં આવનાર રીસર્ચ પ્રોજેક્ટ એક થી ત્રણ વર્ષની સમયમર્યાદામાં હોવા ખુબ જ જરૂરી હોવાનું સરકારે જણાવ્યું. આ અંગે મળનાર ભંડોળનો ઉપયોગ રીસર્ચ એક્ટિવિટી સંલગ્ન ફિલ્ટ એક્ટિવિટી, ટ્રાન્સપોર્ટ, ડોક્યુમેન્ટેશન, કંઝ્યુમેબલ અન્ય આનુષંગિક ખર્ચ માટે કરવાના રહેશે. આ સિવાય માળખાકીય બાબતમાં મહત્તમ પ્રોજેક્ટ દીઠ ત્રણ લાખની મર્યાદામાં ખર્ચ કરી શકાશે. જે કુલ ઉપલબ્ધ ભંડોળ ૧૦ લાખની મર્યાદામાં રહેશે. તે સિવાય અન્ય ખરીદી કરવાની રહેશે.

રીસર્ચ પ્રોજેક્ટ મંજૂર કરવા માટે સ્ટેટ રીસર્ચ એડવાઇઝરી કમીટી રિસર્ચ પ્રપોઝલની સમીક્ષા કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ સમગ્ર વિશ્વમાં જેનેટિક્સ, ટાર્ગેટેડ ડ્રગ્સ ડિલીવરી, પર્સનલાઇઝ્ડ મેડિસિન, સ્ટેમ સેલ થેરપી, રિજનરેટિવ મેડિસિન પ્રકારના વૈશ્વિક કક્ષાએ નવતર પ્રયાસો અને સંશોધનો થઈ રહ્યા છે. ત્યારે આરોગ્યલક્ષી સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અત્યાધુનિક અને એવિડંસ બેઝ્ડ મેડિસિન તરફ જવા માટે આ સ્કીમ આશીર્વાદરૂપ બની રહેશે.

આ યોજનાથી રાજયમાં હેતુલક્ષી રિસર્ચનો આધાર લઈ અત્યારે જે રિસર્ચ કરવામાં આવે છે તેમાં સુધારો કરીને પરિણામલક્ષી બનાવવા, નવી દવાઓ - નવી પદ્ધતિઓ નવતર પ્રયાસોની અસરકારકતાને વધુ સક્ષમતાથી જાણવા અને અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી રિસર્ચને વેગ મળશે અને રાજય દ્વારા તબીબી વિજ્ઞાનના વિકાસમાં યોગદાન મળી રહેશે.

# NISAR ઉપગ્રહ એટલે 'અર્થ સ્કેનર'

## ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ : ભૂકંપ, સુનામી, જ્વાળામુખી અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોની આગોતરી ચેતવણી આપશે

નવીદિલ્હી, તા. ૩૦

૩૦ જુલાઈ ૨૦૨૫નો દિવસ ભારત અને વિશ્વ માટે એક ઐતિહાસિક દિવસ બની ગયો, જ્યારે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સાંજે ૫:૪૦ વાગ્યે NISAR ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો. ઇસરો અને નાસા વચ્ચેની આ ભાગીદારીએ પૃથ્વીની ભ્રમણકક્ષામાં એક ઉપગ્રહ મોકલ્યો જે ભૂકંપ, સુનામી, જ્વાળામુખી અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોની આગોતરી ચેતવણી આપશે. તેને પૃથ્વીનું MRI સ્કેનર કહેવામાં આવી રહ્યું છે કારણ કે તે પૃથ્વીની સપાટીની એટલી બારીક છબીઓ લઈ શકે છે કે તે એક સેન્ટીમીટરના ફેરફારો પણ શોધી શકે છે.

૩૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, રશિયાના કામચાટકા દ્વીપકલ્પ નજીક ઓખોત્સ્ક સમુદ્રમાં ૮.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેના કારણે ૧૨ દેશો - રશિયા, જાપાન, હવાઈ, કેલિફોર્નિયા, અલાસ્કા, સોલોમન ટાપુઓ, ચિલી, એક્વાડોર, પેરુ, ફિલિપાઇન્સ, ગુઆમ અને ન્યુઝીલેન્ડમાં સુનામીનો ભય ઉભો થયો. આ ભૂકંપની શક્તિ હિરોશિમા જેવા ૯,૦૦૦-૧૪,૦૦૦ પરમાણુ બોમ્બ જેટલી હતી. કુરિલ ટાપુઓ પર ૫ મીટર



ઊંચા મોજા ઉછળ્યા. જાપાનના ફુકુશિમાના લોકો ૨૦૧૧ના સુનામીની યાદોથી ત્રાસી ગયા છે. આવી આફતોના આગોતરા સમાચાર મહત્વપૂર્ણ છે. NISAR આ કામ કરશે. આ ઉપગ્રહ ભૂકંપ પહેલા જમીનની થોડી હિલચાલ શોધી શકે છે. સુનામીની શક્યતાની આગાહી કરી શકે છે. તેનો ડેટા આપત્તિ વ્યવસ્થાપનને ઝડપી અને સચોટ બનાવશે, જેનાથી જાનમાલનું નુકસાન ઘટશે.

આ ઉપગ્રહ ૧૨ દિવસ સુધી પૃથ્વીનું સ્કેન કરશે અને ઘણી રસપ્રદ માહિતી એકત્રિત કરશે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તે પૃથ્વીના એક ઇંચ સુધીના ફેરફારોને પણ રેકોર્ડ કરી શકશે. NISAR ને ISROનો સૌથી મોંઘો અને શક્તિશાળી ઉપગ્રહ કહેવામાં આવી રહ્યો છે તે કોઈ કારણ વગર નથી. આ પાછળ ઘણા કારણો છે, જે તેને ખાસ બનાવે છે. નિસાર ઉપગ્રહની વિશેષતાઓ જાણો જેણે તેને શક્તિશાળી બનાવ્યો. આ મિશનનો ઉદ્દેશ્ય પૃથ્વી અને તેના પર્યાવરણને ઊંડાણપૂર્વક સમજવાનો છે. આ માટે, NISAR ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે. ટેકનિકલી NISAR એક હાઇ-ટેક ઉપગ્રહ છે. પૃથ્વીની આસપાસ એક પરિક્રમા પૂર્ણ કરવામાં ૯૭ મિનિટ લાગશે. તે પૃથ્વીના ગાઢ જંગલો, અહીં થઈ રહેલા ફેરફારો અને રાત્રે પણ અહીં થતી પ્રવૃત્તિઓ પર નજર રાખી શકે છે. તે ૧૨ દિવસમાં ૧,૧૭૩ રાઉન્ડમાં સમગ્ર પૃથ્વીનું સ્કેન કરશે અને વિવિધ પ્રકારની માહિતી એકત્રિત કરશે.

### NISAR કુદરતી આફતો વિશે અગાઉથી માહિતી આપવામાં નિષ્ણાત છે

- **ભૂકંપ:** તે ફોલ્ટ લાઇન્સ (પૃથ્વીમાં તિરાડો) માં નાની હલનચલન શોધી કાઢે છે. આના પરથી ભૂકંપની શક્યતાનો અંદાજ લગાવી શકાય છે.
- **સુનામી:** તે ભૂકંપ પછી દરિયાઈ ગતિવિધિઓ અને દરિયાકાંઠાના પૂર પર નજર રાખીને સુનામીની ચેતવણી આપશે.
- **જ્વાળામુખી:** જ્વાળામુખીની નીચે ગતિવિધિઓનું અવલોકન કરવું અથવા જમીનનો સોજો ફાટી નીકળવાનો સંકેત આપી શકે છે.
- **ભૂસ્ખલન અને પૂર:** તે પર્વતોમાં માટીની ગતિવિધિ અથવા નદીઓના પાણીના સ્તરને માપીને ભૂસ્ખલન અને પૂરની ચેતવણી આપશે.

# વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સમાંથી ભારતની Exit

## પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કર્યા બાદ લેવાયો નિર્ણય : અગાઉ ભારત-પાકિસ્તાન મેચ લીગ તબક્કામાં રદ કરવામાં આવી હતી

નવીદિલ્હી, તા. ૩૦

ઇન્ડિયા ચેમ્પિયન્સે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સમાંથી સત્તાવાર રીતે નામ પાછું ખેંચી લીધું છે. પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે તે આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે કોઈ મેચ નહીં રમે. અગાઉ ભારત-પાકિસ્તાન મેચ લીગ તબક્કામાં રદ કરવામાં આવી હતી, અને હવે સેમિફાઇનલ પહેલા પણ ભારતીય ટીમે પાકિસ્તાન સામે ન રમવાનો નિર્ણય લીધો છે. જેના કારણે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. આ વર્ષે એપ્રિલમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. જેના કારણે ભારતીય ખેલાડીઓના ભારે વિરોધ બાદ લીગ તબક્કામાં ભારત-પાકિસ્તાન મેચ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈના અને શિખર ધવન જેવા ખેલાડીઓએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ આ મેચમાં ભાગ લેશે નહીં. સેમિફાઇનલ મેચ પહેલા પણ કંઈક આવું જ જોવા મળ્યું હતું. સ્પોર્ટ્સ ટાકના અહેવાલ મુજબ, ભારતે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સમાંથી નામ પાછું ખેંચી લીધું છે. આવી સ્થિતિમાં, પાકિસ્તાન હવે સીધું ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી ગયું છે.

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સના લીગ તબક્કામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૨૦ જુલાઈએ યોજાવાની હતી. પરંતુ ખેલાડીઓને ચાહકો તરફથી તીવ્ર પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો. જે બાદ ભારતીય ખેલાડીઓએ આ મેચમાં રમવાનો ઇનકાર કરી દીધો અને મેચ રદ કરવામાં આવી. હવે બંને ટીમો ૩૧ જુલાઈના રોજ સેમિફાઇનલ મેચમાં એકબીજા સામે ટકરાવવાની હતી. પરંતુ ભારતીય ખેલાડીઓએ તેમના કટ્ટર હરીફો સાથે કોઈપણ સ્પર્ધાત્મક મેચમાં ભાગ ન લેવાની નીતિ જાળવી રાખવાનો નિર્ણય કર્યો. તમને જણાવી દઈએ કે, આ વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની બીજી સીઝન છે. પહેલી સીઝનનું નામ ઇન્ડિયા ચેમ્પિયન્સ રાખવામાં આવ્યું હતું. ઇન્ડિયા ચેમ્પિયન્સે પાકિસ્તાનને ૫ વિકેટે હરાવીને ફાઇનલ જીતી લીધી. આ વખતે પણ તે સેમિફાઇનલમાં પહોંચવામાં સફળ રહી. પરંતુ તે ટુર્નામેન્ટમાંથી ખસી ગયો.




# જમીન માપણીની કામગીરી નિહાળતા કલેક્ટર

## પડધરી મુકામે કલેક્ટરની સરપ્રાઇઝ વિઝીટથી કર્મચારીઓ અને અધિકારીઓની ઉડી ઊંઘ : ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓ સાથે કરી વાતચીત



રાજકોટ, તા. ૩૦

હાલ સમગ્ર રાજ્યમાં ખેત માપણી ની કામગીરી ચાલી રહી છે ત્યારે ગઈકાલે પડધરી ખાતે રાજકોટ કલેક્ટર દ્વારા ફ્લાઈંગ વિઝીટ કરવામાં આવી હતી જેમાં હાલ કઈ રીતે ખેત માપણી કરવામાં આવી રહી છે તે અંગે માહિતી મેળવી હતી. કલેક્ટર ની ફ્લાઈંગ મુલાકાત બાદ હાલ સમગ્ર અધિકારી વર્ગમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. કલેક્ટરની ઓચિંતી મુલાકાતે ઘણા ખરા અધિકારીઓની ઊંઘ પણ હરામ કરી દીધી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશે ગઈકાલે પડધરી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લઈ ત્યાંના કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી.

અધિકારીઓ પણ દોડતા થયા હતા એટલું જ નહીં ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓ સાથે પણ કલેક્ટરે વાતચીત કરી હતી અને તેમના દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે સમગ્ર માહિતી મેળવી હતી. તજજ્ઞો અને કલેક્ટર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ નવનિયુક્ત કલેક્ટર દ્વારા એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે મહેસુલના જે પણ પેન્ડિંગ કેસ છે તેનું તાકીદે નિરાકરણ લાવવામાં આવે કારણ કે આ કહેશો છેલ્લા લાંબા સમયથી પડતર પડેલા છે અને તેનો કોઈ ઉકેલ આવ્યો નથી.

કલેક્ટર ઓમ પ્રકાશ ના આ નિર્ણય અને આદેશ બાદ સમગ્ર જિલ્લામાં હાલ મહેસુલે કામગીરી જે પેન્ડિંગ હોય તેનો ઝડપથી નિકાલ કરવામાં આવી રહ્યો છે અને તે દિશામાં હાલ અધિકારીઓ તથા કર્મચારીઓએ કામગીરી શરૂ કરી દીધી છે એટલું જ નહીં ખુદ કલેક્ટર તાલુકા સ્તરે અને ગામડા સુધી પહોંચી ખરી સ્થિતિનું અવલોકન કરી રહ્યા છે અને જ્યાં પણ જરૂરી લાગે ત્યાં સૂચના આપી અધિકારીઓને ઝડપબે કામગીરી કરવા માટે તાકીદ પણ કરવામાં આવી રહી છે..

ગઈકાલે પડધરીના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચ્યા હતા જ્યાં ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. ગ્રામ પંચાયત કચેરી ખાતે ભરતી મુશ્કેલી અંગે પણ ગામ તેનું સાથે ચર્ચા કરી હતી અને પ્રશ્નનો તાત્કાલિક નિરાકરણ આપવા માટે અધિકારીઓને સૂચના આપી હતી. કલેક્ટરશએ જમીન માપણી કામગીરીની પ્રગતિ પણ તપાસી હતી.મોજે-ગોવિંદપર ગામ, તાલુકો-પડધરી ખાતે ચાલી રહેલી જમીન માપણીની કામગીરીનું તેમણે ખેતરોમાં જઈને સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યમાં રોકાયેલા કર્મચારીઓ સાથે પણ તેમણે મુલાકાત કરી જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ગ્રીન કવર વધારવા રાજ્ય સરકાર સજ્જ

## જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર રોડની બે તરફ ખાલી પડતર જગ્યા તથા અન્ય ખાલી જગ્યાએ વન વિભાગ હરિત વન પથ યોજના અંતર્ગત ૭.૬૩ લાખ રોપાઓનું કરશે વાવેતર, સદભાવના વૃદ્ધાશ્રમ અને સરકાર વચ્ચે થયા એમઓયુ



રાજકોટ, તા. ૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ગ્રીન કવર વધારીને પર્યાવરણ જાળવણી માટે કરેલા આહવાનને પગલે વન વિભાગે કચ્છ સૌરાષ્ટ્ર સહિત બધા જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર રોડની બેય બાજુની તેમજ અન્ય ખાલી જગ્યાઓએ સઘન રોપા વાવેતરનો નવતર અભિગમ અપનાવ્યો છે.આ હેતુસર વન વિભાગ લોક ભાગીદારીથી પી.પી.પી. ધોરણે અંદાજે ૭.૬૩ લાખ રોપા વાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વન વિભાગે આ રોપા વાવેતર અંગે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા સાથે ગાંધીનગરમાં બુધવારે એમ.ઓ.યુ. કર્યા હતા.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના પડકારોના તારણરૂપ ઉપાય તરીકે ગ્રીન કવર વધારવા અને વધુને વધુ વૃક્ષો વાવવા દેશવાસીઓને પ્રેરણા આપેલી છે.

એટલું જ નહીં દરેક વ્યક્તિ પોતાની માતાની સ્મૃતિમાં એક વૃક્ષ વાવે અને ધરતી માતાને હરિયાળી બનાવે તે માટે એક પેડ માં કે નામ અભિયાન પણ પ્રધાનમંત્રીએ દેશમાં શરૂ કરાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ સંકલ્પને સાકાર કરીને રાજ્યમાં ટ્રી કવર વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં હરિત વનપથ યોજના કાર્યરત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત રોડની બેય તરફ વૃક્ષોના વાવેતરથી મોટા પાયે હરિયાળી થવાના પરિણામે ઈકોલોજી અને એન્વાયરમેન્ટ પ્રોટેકશન સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ પણ સિદ્ધ કરી શકાશે.

વન વિભાગે આવા રોડ સાઈડ પ્લાન્ટેશનમાં 10X10 મીટરના અંતરે 45 X 45 X 45 સેન્ટીમિટરના ખાડા ખોદીને ૮ ફિટ ઉંચાઈના રોપા તથા વડ, પીપળો જેવા વૃક્ષો પી.પી.પી. ધોરણે વાવવાનો વ્યુહ અપનાવ્યો છે.હરિતવન પથ યોજના અંતર્ગત આવા વૃક્ષોનું વાવેતર કરવા માટે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ-સદભાવના વૃદ્ધાશ્રમ અને વન વિભાગ વચ્ચે દ્વારકાથી સોમનાથ તથા અન્ય રોડ સાઈડના એમ ૪૦ હજાર રોપાઓના વાવેતર માટે એમ.ઓ.યુ. થયેલા હતા.

માનવસેવા સેવા ટ્રસ્ટ - સદભાવના વૃદ્ધાશ્રમે આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને હવે વન વિભાગ સાથે કરેલા આ એમ.ઓ.યુ. અનુસાર તેઓ રાજ્યના જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર ખાલી રહેલા રોડની બે તરફ અને અન્ય ખાલી જગ્યાએ ૭.૬૩ લાખ રોપાઓ ટ્રી ગાર્ડ સાથે વાવશે.

વન વિભાગ અને માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ-સદભાવના વૃદ્ધાશ્રમ વચ્ચે આ એમ.ઓ.યુ. થયા તે અવસરે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે.દાસ, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ ડો.એ.પી.સિંગ તથા અગ્ર મુખ્ય વન સંરક્ષક આર. કે. સુગુર, માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ-સદભાવના વૃદ્ધાશ્રમના વિજય ડોબરિયા અને મિતલ ખેતાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# બે દસકા પૂર્વે મંજૂર થયેલી ટીપી-૧૪ માળખાગત સુવિધાઓથી વંચિત

## મહાનગરપાલિકાને આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરી ઝડપભેર રોડ રસ્તાની કામગીરી પૂર્ણ કરવા મેયરને કરી માંગ



રાજકોટ, તા. ૩૦

રાજ્ય સરકાર હાલ ધડાધડ ટીપી સ્કીમોને મંજૂર કરી રહી છે કારણ કે હવે ટાઉન પ્લાનિંગ સ્કીમનો વ્યાપ જે રીતે વધી રહ્યો છે અને માંગ જે રીતે વધે છે તેને અનુલક્ષીને હાલ આ અંગે ઘણા ખરા પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા ટીપી સ્કીમ મંજૂર થયા બાદ રોડ રસ્તા સહિતની કામગીરી કરવામાં આવતી હોય છે પરંતુ મોરબી રોડ ઉપર છે ટાઉન પ્લાનિંગ સ્કીમ ૧૪ મંજુર થઈ તેમાં આજ દિન સુધી રસ્તાનો કબજો લેવામાં આવ્યો નથી અને વિસ્તારમાં પાયાની સુવિધાઓનો સંપૂર્ણ અભાવ જોવા મળી રહ્યો છે. આ અંગે રહેવાસીઓએ મહાનગરપાલિકાના દ્વાર ખખડાવ્યા હતા અને મેયરને લેખિત રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે આ વિસ્તારને ભૂર્ગભ, સ્ટ્રીટ લાઇટ સહિતની સુવિધાઓ આજ સુધી ન મળતા આ ટીપી સ્કીમ હેઠળ આવતા ખેડૂત ખાતેદારો દ્વારા આજે મનપાના મેયરને રજૂઆત કરી ૨૦ વર્ષ પહેલા મંજૂર થયેલ ટીપી સ્કીમના વિસ્તારોનો વિકાસ ઝડપી થાય તેમ જણાવ્યુ હતું.

રસ્તાનો મેટલીગ કરી રસ્તા ખુલ્લા કરવા જેથી વિકાસનો અર્થ સરે જે અમારી જમીનમાં આપે કહેલા વિકાસ થઈ શકે અને ટાઉનપ્લાનીગ થઈ શકે. ૧૪ વર્ષ પહેલા રસ્તાનો કબ્જો અમોએ રાજી ખુશીથી સોપેલ છે અને આ રસ્તા ખોલવામાં ઘણો વિલંબ થયો હોય યોજનાનો સાચો હેતુ સરતો નથી તો અમારી અરજ છે સત્વરે આ માંગ અમારી આપ પુરી કરવા વિનંતી હાલ મંજુર થયેલ ટી.પી. સ્કીમ નં-૧૪ રાજકોટના અસરકરતા ખેડુત ખાતેદારો દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે આ યોજનામાં તેમની ખેતીની જમીન આવરી લેવામાં આવેલ છે અને રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૧ માં ડ્રાફ્ટ કરી તેમજ ટી.પી. સ્કીમ યોજના માથી પસાર થતાં ટી.પી. રોડ નો કબજો અમે ખેડૂતો એ નવેમ્બર ૨૦૦૫ માં સોપી આપેલ છે તેથી આ વિસ્તારનો વિકાસ કરવા તાત્કાલિક ધોરણે, કબજા રોજકામ કરી આપવા, અને ટી.પી.ના ડામર રોડ પાક્કા કરી આપવા તેમજ ટી.પી.ના તમામ રોડ પર સ્ટ્રીટલાઈટ કરી આપવા અને ટી.પી.ના તમામ રોડ ઉપર વૃક્ષારોપણ અને ટી.પી. સ્કીમ માં આવતા બાગ બગીચા તેમજ ભુગર્ભ ગટર અને પીવાના પાણી માટે નળ વગેરે પાયાની સુવિધાઓ તાત્કાલિક ધોરણે ડેવલોપ કરી આપવા તમામ ખેડૂત ખાતેદારો વતી આપને વિનંતી કરીએ છીએ.

# MSME ઉદ્યોગને વિકસિત કરવા ગ્રેટર ચેમ્બરની નેમ

## ગ્રેટર રાજકોટ ચેમ્બર અને રાજકોટ બ્રાંચ ICAIના સંયુકત ઉપક્રમે છ ઓગસ્ટના કાર્યક્રમ : વિવિધ વિષયો પર સેમિનાર



રાજકોટ, તા. ૩૦

હાલ નાના અને મધ્યમ ઉદ્યોગો માટે સરકાર દ્વારા વિવિધ વિકાસલક્ષી યોજનાઓની અમલવારી કરવામાં આવી રહી છે ત્યારે વધુને વધુ નાના અને મધ્યમ ઉદ્યોગો વધુ વિકસિત થાય તે દિશામાં હાલ સરકાર અને સ્થાનિક પ્રશાસન પણ પગલાંઓ લઈ રહ્યું છે ત્યારે વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓ પણ આ કાર્યમાં સહભાગી બની તે લઘુ અને મધ્યમ ઉદ્યોગને વધુ વિકસિત બનાવવા માટેના પગલાંઓ લઈ રહ્યુ છે ત્યારે આગામી ૬ ઓગસ્ટ ના રોજ રાજકોટ ગ્રેટર ચેમ્બર તથા આઈસીએઆઈ ભવન રાજકોટના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેમાં આ ઉદ્યોગોને કઈ રીતે વધુ વિકસિત બનાવવા તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને ખાસ આઈકોનિક એવોર્ડનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૬ ઓગસ્ટના ICAI ભવન રાજકોટ બ્રાંચ ખાતે ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે MSME અને એક્ષપોર્ટ સેમીનાર તથા ગ્રેટર બિઝનેશ આઈકોન એવોર્ડ નું આયોજન કરવામાં આવ્યું છે. જેના મુખ્ય મહેમાન પદે ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ- રમેશભાઇ ટીલારા અતિથિ વિશેષપદે ડો. ઓમપ્રકાશ-આઇ.એ.એસ. રાજકોટ જિલ્લા કલેકટર તથા ઉદ્યોગરત્ન ચંદુભાઇ વિરાણી - બાલાજી વેફર્સ, મૌલેશભાઇ ઉકાણી - બાન લેબ્સલી, તથા કિરીટભાઇ આદ્રોજા- એન્જલ પંપ હાજર રહેશે. જેમાં ગુજરાત રાજયની MSMEના વિકાસ માટેની વિવિધ પ્રોત્સાહન યોજના જેવી કે, ઈન્ટરેસ્ટ સબસીડી, ઇલેકટ્રીક ડયુટીમાંથી રાહત, ફોરેન ટ્રાવેલીંગ વિગેરે યોજનાઓની વિસ્તૃત માહિતી એમ. કે. લાડાણી, જનરલ મેનેજર ડી.આઇ.સી. રાજકોટ દ્વારા આપવામાં આવશે.

ભારત સરકારની એક્ષપોર્ટને પ્રોત્સાહન આપવાની યોજનાઓ જેવી કે, એડવાન્સ લાયસન્સ, ડી.એફ. આઇ.સી., રોડટેપ, ઇમ્પોર્ટ માટેની સ્કીમ જેવા મહત્વના વિષય ઉપર રોહીત સોની, જોઇન્ટ ડી.જી.એફ. ટી. રાજકોટ માર્ગદર્શન આપશે. આ ઉપરાંત ગ્રેટર રાજકોટ ચેમ્બરની પરંપરા મુજબ આપણા વેપાર ઉદ્યોગને દેશવિદેશમાં પહોંચાડીને તેમના તેનેષ્ઠા અને કાર્યદક્ષતાની ઉદ્યોગને દેશવિદેશમાં પહોંચાડીને તેમના ખંત, નિષ્ઠા અને કાર્યદક્ષતાની જીવંત મૂર્તિઓ સમાન ઉદ્યોગઋષીઓ જેવા કે, રાજેશભાઇ એન. કાલરીયા-સન ફોર્જ પ્રા. લી., જયભાઇ ડી. કગથરા - સ્પન વેબ નોનવુવન લી., તથા અશોકભાઇ એમ. ઝીંઝુવાડીયા રાધીકા જવેલર્સને 'ગ્રેટર બિઝનેશ આઇકોન એવોર્ડ' થી સન્માનીત કરવામા આવશે.

# રોગચાળાને અંકુશમાં લાવવા મનપા કરશે વન ડે, વન વોર્ડ કામગીરી

## ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયાને નિયંત્રણમાં રાખવા વાહકનિયંત્રણ કામગીરી આવશ્યક



રાજકોટ, તા. ૩૦

ચોમાસા દરમિયાન રોગચાળામાં જે પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે તેને નિવારવા માટે હવે દરેક વોર્ડમાં મહાનગરપાલિકા દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે એટલું જ નહીં હાલ મચ્છરજન્ય રોગોનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે તેના પર અંકુશ લાદવા માટે મહાનગરપાલિકા દ્વારા એક નવતર અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે.

ચોમાસાની ઋતુ દરમ્યાન વાહકજન્ય રોગો ખાસ કરીને ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયાને રોગોનું પ્રમાણ વધતું હોય છે. આથી આવા રોગોના નિયંત્રણ માટે સઘન વાહકનિયંત્રણ કામગીરી કરવી આવશ્યક છે. ચોમાસાની ઋતુમાં મચ્છર ઉત્પતિ સ્થાનોમાં વધારો થતો હોય છે આથી સઘન ઝુંબેશ દ્વારા મચ્છર ઉત્પતિ સ્થાનો દૂર કરી ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા જેવા રોગોના નિયંત્રણ માટે વન ડે વન વોર્ડ કાર્યક્રમ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરેલ છે.

આ વન ડે વન વોર્ડ ઝુંબેશનો શુભારંભ શહેરના તમામ ૧૮ વોર્ડની મુખ્ય ઓફિસથી ૧ ઓગસથી રોજ કરવામાં આવશે.જેમાં રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ સહિત તમામ વોર્ડના કોર્પોરેટરઓ પોતપોતાના લગત વોર્ડમાં રહિ ઝુંબેશનો શુભારંભ કરાવશે. ત્યારબાદ પ્રોગ્રામ મુજબના વોર્ડમાં એક દિવસમાં એક વોર્ડમાં તમામ આરોગ્યની ટીમો મુકીને ટીમ વર્કથી ઝુંબેશ સ્વરૂપે વાહક નિયંત્રણની તમામ કામગીરી કરવામાં આવશે. પોરાનાશક કામગીરી:ઘરની અંદર તથા આસપાસ મચ્છર ઉત્પતિ સ્થાનો જેવા કે ટાંકા, ટાંકી, બેરલ, પાણીની કુંડી, પક્ષીકુંજ જેવા પાત્રોને તપાસી લોકોને ઉત્પતિ અટકાયતીના પગલાં લેવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે તથા ભંગાર, બિનજરૂરી પાત્રો વગેરેનો નાશ કરાવવામાં આવશે તથા લાર્વીસાઇડ છંટકાવ કરવાની કામગીરી કરાવવામાં આવશે. પેરાડોમેસ્ટિક કામગીરી :- વોર્ડમાં પાણી ભરાયેલ નાના મોટા ખાડા ખાબોચીયા કે જયાં મચ્છર ઉત્પતિ સ્થાન બની શકે છે ત્યાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવશે.

# સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ રકતદાન કેમ્પ






## સરદાર પટેલ ગ્રુપ એસપીજી રાજકોટ, રાજકોટ તાલુકા સહકારી પરિવાર, રાજકોટ માર્કેટિંગ યાર્ડ અને રાજકોટ તાલુકા ભાજપના સંયુક્ત ઉપક્રમે યોજાયો કાર્યક્રમ

ખેડૂત આગેવાન અને માજી મંત્રી સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ રાદડીયાની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ઠેર ઠેર મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં ખેડૂતોના મસિહા એવા છોટે સરદારનું બિરુદ જેઓને મળ્યું તેવા સ્વ વિઠ્ઠલભાઈ રાદડિયા ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે રક્તદાનને લઈને અનેરો ભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે ગઈકાલે સરદાર પટેલ ગ્રુપ એસપીજી રાજકોટ, રાજકોટ તાલુકા સહકારી પરિવાર, રાજકોટ માર્કેટિંગ યાર્ડ અને રાજકોટ તાલુકા ભાજપ ના સંયુક્ત ઉપક્રમે શ્રદ્ધાંજલિ રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે યોજાયેલ આ કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ સહિતના લોકો દ્વારા બ્લડ ડોનેશન કરવામાં આવ્યું હતુ.આ રક્તદાન કેમ્પમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા, સિલ્વર એસોસિએશનના કિલ્લાભાઈ તળાવિયા, ડિસ્ટ્રીક બેંકના ડાયરેક્ટર શૈલેષ ગઢીયા, જિલ્લા ભાજપ અગ્રણી જસ્મીન પીપડીયા, રાજકોટ લોધીકા સંઘના ડાયરેક્ટર ભુપેન્દ્રસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ તરઘડીયા, રાજકોટ લોધિકા સંઘના ડાયરેક્ટર અને ડિસ્ટ્રિક્ટ બેંકના ઝોનલ અધિકારી શ્રી પેઢડીયા, સાથોસાથ રાજકોટ તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી હિતેશ ચાવડા, ગૌરવ સિંહ જાડેજા, રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ કચુર ઢોલરીયા, સહિતના નામે અનામી રાજકીય અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠિઓ અને કહી શકાય કે વિશાળ પ્રમાણમાં નવ યુવાનો આ શ્રદ્ધાંજલિ રગદાન કેમ્પમાં સહભાગી થઈ પોતાનો ભાવ સ્વ વિઠ્ઠલભાઈ રાદડિયા માટે વ્યક્ત કર્યો હતો.

# નશીલું રાજકોટ...!

## પીધેલા બેફામ, પણ હપ્તાખોરીના કારણે તંત્ર મૌન



ગુજરાતમાં દારૂ પ્રતિબંધિત છે, રાજકોટ ગુજરાતનું મહાનગર છે, પણ રાજકોટ નશાબંધીથી મુક્ત હોય તેવી હાલત થઇ ગઇ છે. દારૂડિયા બેફામ બની ગયા છે. જીવલેણ અકસ્માતો કરે છે. છતાં પોલીસ કંઇ કરતી નથી. પોલીસ તંત્રને હપ્તા એટલા બધા પ્યારા લાગે છે કે, દારૂડિયા પોલીસ પર હુમલા કરે તો પણ પોલીસ કંઇ કરી શકતી નથી.

કેકેવી હોલ પાસે નશાની હાલતમાં દારૂડિયા રિક્ષાચાલકે ટ્રાફિક પોલીસ અને વોર્ડન પર હુમલો કર્યો છતાં પોલીસ તંત્રએ ફરજમાં રૂકાવટનો કેસ કરીને કાર્યવાહી કરી. દારૂ ક્યાંથી ખરીદ્યો, ક્યા પીધો, કોણે હપ્તા ખાધા આ અંગે તપાસ પણ થતી નથી.

દારૂડિયા પોલીસ પર હવી થઇ જતાં હોઇા છતાં પોલીસ કંઇ કરતી ન હોય તો સામાન્ય લોકોની દશા કેવી થતી હશે? દમ વગરના બની ગયેલા પોલીસ તંત્રના કારણે દારૂડિયાને મોજે દરિયા થઇ ગયા છે. નશો કરેલી હાલતમાં ડ્રાઇવિંગ કરીને અકસ્માતો કરવાની ઘટનાઓ વધી ગઇ છે. નિર્દોષ લોકો નંદવાઇ રહ્યા છે.


નશાની હાલતમાં રિક્ષાચાલકે ટ્રાફિક પોલીસ પર હુમલો કર્યો એ પૂર્વે એક દારૂડિયા મોટરકાર ચાલકે બિગ બજાર પાસે ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર ડ્રાઈવિંગ કરીને નવ વાહનોને હડફેટમાં લીધા હતા. આવી ઘટનાઓ હપ્તાખોરીના કારણે વધી ગઇ છે. આ દશામાં લોકો કાયદો હાથમાં લેવા મજબૂર બની રહ્યા છે. અકસ્માત બાદ લોકોએ કાર પર પથ્થરમારા કર્યા હતા. પોલીસની ભૂમિકા તો દારૂડિયાને બચાવવાની જ રહે છે. હપ્તા આપનારા પ્રત્યે નિષ્ઠા તો રાખવાની હોય ને...


નશીલા રાજકોટમાં લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. પોલીસ અધિકારીઓથી માંડીને કમિશનર આ બાબતે નિષ્ક્રીય જેવા છે. ત્રાહીમામ લોકોનો આક્રોશ ફાટવાની તૈયારી છે. લોકરોષ સર્જાવો જ જોઇએ. પણ, રોષ યોગ્ય સ્થાને અને પરિણામલક્ષી હોવો જોઇએ.

અકસ્માત સર્જનાર કાર પર પથ્થરમારો કરવાથી કંઇ જ વળશે નહિ. દારૂ માટે જવાબદાર પોલીસ તંત્ર પર રોષ ફાટવો જોઇએ. મત લઇને મોટા માણસો બની ગયેલા નગરસેવકો, ધારાસભ્યો, સાંસદો વગેરે સામે રોષ ફાટવો જોઇએ.

રાજકોટ નશીલું શહેર બની ગયું છતાં લોક પ્રતિનિધિઓ શા માટે મેદાનમાં આવતા નથી? વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સામે પણ લોકોએ અવાજ ઉઠાવીને પૂછવું જોઇએ. તેમને પણ હપ્તામાંથી ભાગ મળે છે? બેફામ નશાખોરી સામે મૌન શા માટે રહો છો?

નેતાઓને રાજકીય ભીંસ વધશે તો જ તેમને સક્રિય થવા ફરજ પડશે. નશાખોરી સમસ્ત સમાજ માટે ઘાતક છે. લોકોએ નાત-જાત-ધર્મનો વિચાર કર્યા વગર નેતાઓને લાઇનમાં લેવા જરૂરી છે.



# રશિયામાં આવેલા ભૂકંપની અસર વિશ્વના ૧૨ દેશોમાં

## વૈજ્ઞાનિકોની ચેતવણી ભૂકંપ પછી આવનારી સુનામી પણ એટલી જ તીવ્રતા સાથે આવી શકે છે

નવીદિલ્હી, તા. ૩૦
બુધવારે રશિયાના પૂર્વી કામચાટકામાં આવેલા ભૂકંપને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. રશિયામાં આવેલા આ ભૂકંપ અંગે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પર્યાવરણ વિભાગના પ્રોફેસર પવન કુમાર જોશીએ જણાવ્યું હતું કે આ ભૂકંપની અસર ૧૨ દેશોમાં વધુ અનુભવાશે. તેમણે લોકોને ચેતવણી આપી હતી કે ભૂકંપ પછી આવનારી સુનામી પણ એટલી જ તીવ્રતા સાથે આવશે. પ્રોફેસર પવન કુમાર જોશી સમજાવે છે કે પૃથ્વીની રચના વિવિધ ભૂસ્તરશાસ્ત્રીય પ્લેટોથી બનેલી છે અને આ પ્લેટો સતત ગતિ કરતી રહે છે. તેમણે કહ્યું કે પૃથ્વીના પોપડામાં થતી પ્રક્રિયા ઊર્જા ઉત્પન્ન કરે છે અને જ્યારે ઊર્જાનું પ્રમાણ વધે છે, ત્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે, જેનાથી પૃથ્વી પર કંપન ઉત્પન્ન થાય છે. પૃથ્વીના આ કંપનને ભૂકંપ કહેવામાં આવે છે.

રશિયામાં ભૂકંપનું કારણ સમજાવતા, પ્રોફેસરે કહ્યું કે રશિયામાં એક ઉત્તર અમેરિકા પ્લેટ અને એક ઉત્તર સ્પેસિફિક પ્લેટ છે. બંને પ્લેટો જમીન અને સમુદ્રની નીચે એકબીજા સાથે અથડાઈ છે, જેના કારણે લગભગ ૮.૮ રિક્ટર તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભૂકંપની આગાહી કરી શકાતી નથી પરંતુ વિજ્ઞાન તેના ક્ષેત્રમાં સતત સંશોધન કરી રહ્યું છે. આજે, જો આપણે ઉપગ્રહોમાંથી મળતા ડેટાનું સતત નકશાકરણ કરીએ, તો આપણે એવા વિસ્તારોને ઓળખી શકીએ છીએ જ્યાં ભૂકંપની સંભાવના વધુ હોય છે. જેના કારણે તમે એક કે બે દિવસ અગાઉથી આગાહી કરી શકો છો. એ જ રીતે, ૠછ્ઠજ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે અને જ્જ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. જાપાન અને અન્ય દેશોમાં આ અંગે સંશોધન કરવામાં આવ્યું છે અને તેઓ માને છે કે આ કરી શકાય છે. પરંતુ વૈશ્વિક સ્તરે ભૂકંપની આગાહી કરી શકાતી નથી.

તેમણે કહ્યું કે જો તમે વિશ્વના નકશા પર નજર નાખો તો આ ભૂકંપથી રશિયા, અમેરિકા, ઉત્તર અમેરિકા અને જાપાનના ફિલિપાઇન્સ વિસ્તારો પણ પ્રભાવિત થયા છે. આ ભૂકંપ સમુદ્રના તળ નીચેથી ઉદ્ભવ્યો હતો, જેના કારણે સુનામી જેવી પ્રવૃત્તિની ઉચ્ચ સંભાવના છે. પ્રોફેસર પવન ગુપ્તા કહે છે કે સુનામીની ઊંચાઈ ૩ થી ૪ મીટર હોવાનો અંદાજ છે, જે આશરે ૧૨ ફૂટથી ૧૩ ફૂટ ઊંચી હશે. તેમણે કહ્યું કે અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, તેની અસર અમેરિકન દરિયાકાંઠાના વિસ્તારમાં અને કેલિફોર્નિયામાં પણ જોવા મળી શકે છે. તેની અસર જાપાનમાં વધુ જોવા મળી શકે છે, તેની અસર ફિલિપાઇન્સમાં પણ જોવા મળશે. પ્રોફેસરે કહ્યું કે આ સિવાય, તેની અસર સમુદ્રના તળિયે આવેલા નાના ટાપુઓ પર વધુ જોવા મળશે. જો ભૂકંપ સપાટી પર આવે છે, તો સુનામીની શક્યતા ઓછી હોય છે અને જો તે સમુદ્રમાં આવે છે, તો સુનામીની શક્યતા વધુ હોય છે. તેમણે કહ્યું કે રશિયામાં આવેલા ભૂકંપ પરથી અનુમાન લગાવી શકાય છે કે સુનામીની શક્યતા વધુ છે. તેની અસર આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળી શકે છે. તે સિવાય, તેની અસર નાના ટાપુઓ પર દેખાશે.

સુનામીની તીવ્રતા અને સમયગાળો કેટલો હોઈ શકે છે તે કહેવું મુશ્કેલ છે. ધારો કે સામાન્ય રીતે તેની ગતિ ૩૦૦ કિલોમીટર પ્રતિ કલાક હોઈ શકે છે અને મોજા લગભગ ૧૨ ફૂટ ઊંચા હોય છે. તેમણે કહ્યું કે પાણીના આટલા ઊંચા અને મજબૂત મોજા આ વિસ્તારમાં વિનાશ લાવી શકે છે. ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે તમે સમજી શકો છો કે કોઈપણ ઇમારતનો ભોંયતળિયું તે પાણીના દબાણને કારણે સંપૂર્ણપણે બરબાદ થઈ શકે છે. પ્રોફેસરે કહ્યું કે સુનામીનો આંચકો લગભગ ૫ થી ૧૫ મિનિટ સુધી રહેશે, પરંતુ આટલી તીવ્રતા સાથે પાણીનું આગમન પોતે જ એક મોટી દુર્ઘટના અને વિનાશ લાવશે જેનાથી ભારે નુકસાન થશે.

# જસ્ટિસ વર્મા પરની સુનાવણી પૂર્ણ

## જસ્ટિસ દીપાંકર દત્તા અને એજી મસીહની બેન્ચે નિર્ણય રાખ્યો અનામત

નવીદિલ્હી, તા. ૩૦
અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જસ્ટિસ દીપાંકર દત્તા અને એજી મસીહની બેન્ચે પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે. છેલ્લી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ અરજી અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જસ્ટિસ વર્માની અરજીમાં સુપ્રીમ કોર્ટની વચગાળાની તપાસ સમિતિના અહેવાલને પડકારવામાં આવ્યો છે. જસ્ટિસ વર્મા વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટ સમક્ષ પોતાની દલીલો રજૂ કરી, જ્યારે વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કેસની સુનાવણી મુલતવી રાખવાની માંગ કરી અને કહ્યું કે તેની સુનાવણી આવતા અઠવાડિયે થવી જોઈએ. પરંતુ કોર્ટે સુનાવણી ચાલુ રાખી. સુનાવણી દરમિયાન કપિલ સિબ્બલે કહ્યું કે તમે મને બંધારણીય મુદ્દાઓ પર મુદ્દાઓ તૈયાર કરવાનું કહ્યું હતું, જે મેં તૈયાર કર્યા છે. જસ્ટિસ વર્માની અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ત્રણ ન્યાયાધીશોની આંતરિક તપાસ સમિતિના અહેવાલને અમાન્ય જાહેર કરવામાં આવે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અરજદારો આંતરિક તપાસ પ્રક્રિયાને હકીકતો શોધવા માટે એક માન્ય પદ્ધતિ તરીકે પડકારી રહ્યા નથી, જો કે પ્રક્રિયા કાર્યવાહી શરૂ કરવા તરફ દોરી ન જાય. ન્યાયાધીશો




મુખ્ય ન્યાયાધીશની સંબંધિત ન્યાયાધીશને ન્યાયિક કાર્ય ફાળવવા ન દેવાના નિર્દેશ આપવાની સત્તાને પણ પડકારતા નથી. કપિલ સિબ્બલે કોર્ટને એમ પણ કહ્યું કે જસ્ટિસ વર્માને તેમના પદ પરથી દૂર કરવાની આંતરિક તપાસ સમિતિની ભલામણ ગેરબંધારણીય છે. ઉપરાંત, તપાસ સમિતિના અહેવાલ સામે કોર્ટ પહેલા કેમ આવી તે પ્રશ્ન પર, સિબ્બલે કહ્યું કે જસ્ટિસ વર્માએ પહેલા સંપર્ક કર્યો ન હતો કારણ કે ટેપ બહાર પડી ગઈ હતી અને તેમની છબી પહેલાથી જ ખરડાઈ ગઈ હતી.

અગાઉ, ૨૮ જુલાઈના રોજ સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્માને તેમની અરજી અંગે પ્રશ્ન કર્યો હતો જેમાં તેમણે ઘરમાંથી રોકડ રકમની વસૂલાતના કેસમાં આંતરિક તપાસ સમિતિના અહેવાલને પડકાર્યો હતો. કોર્ટે ન્યાયાધીશને પ્રશ્ન કર્યો કે આ પ્રક્રિયામાં ભાગ લીધા પછી તેઓ હવે તેના પર કેવી રીતે પ્રશ્નો ઉઠાવી શકે છે. આંતરિક તપાસ સમિતિએ જસ્ટિસ વર્માને તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાનમાંથી રોકડ રકમ મેળવવાના કેસમાં ગેરવર્તણૂક બદલ દોષિત ઠેરવ્યા હતા. આ ઘટના માર્ચ મહિનાની છે, જ્યારે તેમના સત્તાવાર નિવાસસ્થાનમાંથી મોટી માત્રામાં બળી ગયેલી ચલણી નોટો મળી આવી હોવાનો આરોપ છે. આ સમયગાળા દરમિયાન, જસ્ટિસ વર્મા દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ હતા.

જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ એ.જી. મસીહની બેન્ચે જસ્ટિસ વર્માને પ્રશ્ન કર્યો કે તેઓ તપાસ પૂર્ણ થાય અને પછી રિપોર્ટ જાહેર થાય તેની રાહ કેમ જોઈ રહ્યા છે. બેન્ચે જસ્ટિસ વર્માના વકીલ કપિલ સિબ્બલને અનેક પ્રશ્નો પૂછ્યા, ''તેઓ તપાસ સમિતિ સમક્ષ કેમ હાજર થયા? તમે તપાસ પૂર્ણ થાય અને રિપોર્ટ જાહેર થાય ત્યાં સુધી રાહ કેમ જોઈ? શું તમે વીડિયો દૂર કરવા કોર્ટમાં આવ્યા હતા? શું તમે એવું વિચારીને તપાસ સમિતિ સમક્ષ આવ્યા હતા કે નિર્ણય તમારા પક્ષમાં આવી શકે છે?

# કોંગ્રેસ આતંકવાદ સામે નબળી હતી : નડ્ડા

## રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર વાતચીત કરતા કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ કોંગી સરકાર પર લગાવ્યા આરોપો

નવીદિલ્હી, તા. ૩૦
રાજ્યસભામાં 'ઓપરેશન સિંદૂર' પર ખાસ ચર્ચા દરમિયાન, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ અગાઉની કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર પર આતંકવાદ સામે લડવામાં ઢીલાશનો આરોપ લગાવ્યો. નડ્ડાએ કહ્યું કે ૨૦૦૫ના દિલ્હી શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ, ૨૦૦૬ના વારાણસી આતંકવાદી હુમલો અને ૨૦૦૬ના મુંબઈ લોકલ ટ્રેન બોમ્બ વિસ્ફોટ છતાં, તત્કાલીન સરકારે કોઈ નક્કર કાર્યવાહી કરી ન હતી. જે.પી. નડ્ડાએ પોતાના સંબોધનમાં કહ્યું, ''મુદ્દો એ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે આતંક, વેપાર અને પર્યટન હાથમાં હાથ નાખીને ચાલતા હતા.'' તેમણે ૨૦૦૮ના જયપુર બોમ્બ વિસ્ફોટનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ સરકાર દ્વારા તુષ્ટિકરણની મર્યાદાઓ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. નડ્ડાએ કહ્યું કે ઇન્ડિયન મુજાહિદ્દીન દ્વારા કરવામાં આવેલા આ વિસ્ફોટો પછી પણ, ભારત અને પાકિસ્તાન ચોક્કસ વિશ્વાસ નિર્માણના પગલાં પર સંમત થયા હતા. તેણે



કઠોર સ્વરમાં કહ્યું, ''તેઓ અમારા પર ગોળીઓ ચલાવતા રહ્યા અને અમે તેમને બિરયાની ખવડાવવા ગયા.'' નડ્ડાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે તત્કાલીન સરકારે નિયંત્રણ રેખા (LoC) પાર કરવા માટે ''ટ્રિપલ-એન્ટ્રી પરમિટ'' આપી હતી, જેનાથી આતંકવાદીઓની ઘૂસણખોરીને પ્રોત્સાહન મળ્યું હતું.

રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું, એક ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રીએ કહ્યું હતું કે ભારતની નીતિ એવી છે કે સરહદોનો વિકાસ ન કરવો એ શ્રેષ્ઠ સંરક્ષણ છે. વિકસિત સરહદો કરતાં અવિકસિત સરહદો વધુ સુરક્ષિત છે.'' તેમણે કહ્યું, ''એક ભૂતપૂર્વ ગૃહમંત્રીએ કહ્યું હતું કે મને કાશ્મીર જવાનો ડર લાગે છે.'' જેપી નડ્ડાએ કહ્યું કે આપણે આ દેશમાં અંધકારમાં જીવી રહ્યા છીએ. ૨૦૧૪-૨૦૨૫ સુધીમાં, જમ્મુ અને કાશ્મીર સિવાય દેશમાં આતંકવાદી હુમલાઓ બંધ થઈ ગયા. જે.પી. નડ્ડાએ કહ્યું, ઉરી સર્જિકલ સ્ટ્રાઈક વિશે વાત કરતા... ૧૯૪૭ પછી પહેલી વાર એવું બન્યું કે ભારતીય વડા પ્રધાને જાહેરમાં કહ્યું કે (ઉરી) હુમલાના ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં... અને ત્રણ દિવસમાં સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી અને આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો... આ ભારતને બદલી રહ્યું છે... રાજકીય ઇચ્છાશક્તિ જુઓ, જેઓએ કહ્યું હતું કે આપણે જોઈશું કે શું કરવું.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### શ્રાવણ સુદ સપ્તમી એટલે રામનામ નું ગુણગાન ગાતા તુલસીદાસજીની જન્મ જયંતી



આજે શ્રાવણ સુદ સપ્તમી છે, એટલે એ મહાન ચરિત્રની વંદના કરીએ. આ વખતે તુલસી જયંતિ નિમિત્તે રાજા પૂર ખાતે તુલસી જન્મ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. સર્વ લોકના શુભ મંગલ માટે જે ચારે દિશામાં હરિ કથાનું ગાન કરી રહ્યા છે, એવાં હરિ પ્રેમી ઓની સભા ચાલે છે. હિન્દુ ધર્મનો ડંકો વગાડવા જેમણે પોતાની જીંદગી દાવ પર લગાવી દીધી, એમને શત શત નમન. ગયા વર્ષે મહુવા ખાતે તુલસી જન્મોત્સવ ઉજવાયો હતો એ બડભાગી ક્ષણોની સાક્ષી બનવાનું બન્યું હતું મ! તુલસીનો જન્મ, એની જીવની, અને ત્યારબાદ તેનું જીવન કર્મ, રૂપે રામ ચરિત માનસ લખાયું! તુલસી સંવાદ અને સંવેદના નાં સંત હોવાથી એમણે રામરાજ્યની સ્થાપના સુધી કથા લખી, પછી પોતાના મનને વિશ્રામ મળ્યો! આપણાં સૌની પણ રામરાજ્યની અપ્રિતમ મહેચ્છા છે, કદાચ મનોરથ પણ હોય શકે, પરંતુ બંગલો બનાવવાનો કે ગાડી ખરીદવાનો મનોરથ પૂર્ણ કરવાં જે જી જાનથી મહેનત થાય છે, એવી મહેનત રામરાજ્ય માટે નથી થતી એ હકીકત છે. પૂજ્ય બાપુની કરુણા આજે જગત ભર માટે પરાકાષ્ઠાએ છે, એટલે એ સૌનો પૂજ્ય બાપુ માટે નો પ્રેમ કે ભાવ દેખાય. જ્યાં સત્ય હોય ત્યાં સ્ફૂર્તિ હોય એ સૂત્ર અહીં સિદ્ધ થાય,અને એટલે જ પૂજ્ય બાપુ સત્ય, પ્રેમ, અને કરુણાની ત્રિવેણી રૂપ છેક સ્વિત્ઝર્લેન્ડની કથા પૂરી કરી રાજાપૂર ખાતે પહોંચ્યા. હિન્દુસ્તાનની ધરતી પર સનાતન ધર્મ શું છે? અને તેને કેમ નિભાવી શકાય! એ વિશેનું સંપૂર્ણ જ્ઞાન આપણને રામ ચરિત માનસ આપે છે. તુલસીદાસજીએ તો લખ્યું, પરંતુ લોકોના માનસમાં એ વાત સિદ્ધ કરવા માટે રામાયણનું ગાન કરનાર તમામ કથાકારોનો ફાળો છે, અને એમાં મુખ્ય ફાળો પૂજ્ય બાપુનો છે. આજે તુલસી જયંતિ નિમિત્તે રામાયણની અમર કથા દ્વારા પુજ્ય પાદ શ્રી તુલસીદાસ જી મહારાજનાં ચરણોમાં શબ્દ પુષ્પાંજલિ અર્પણ કરીએ.

પરમ પૂજ્ય પાદ શ્રી તુલસીદાસજી મહારાજ
રામચરિત માનસના પ્રથમ ત્રણ શ્લોકમાં કહે છે કે..
વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ
મઙ્ગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ (૧)
ભવાનીશઙ્કરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ
યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃસ્વાન્તઃસ્થમીશ્વરમ્ (૨)
વન્દે બોધમયં નિત્યં ગુરું શઙ્કરરૂપિણમ્
યમાશ્રિતો હિ વક્રોડપિ ચન્દ્રઃ સર્વત્ર વન્દ્યતે (૩)

રામ હી કેવલ પ્રેમ પિયારા એ સૂત્રને પ્રતિપાદિત કરનારા તુલસી કહે છે રામ ચરિત માનસ તો મંદાકિની છે, અને એમાંથી કેટલાંય રત્ન કણિકા જેવા પ્રસંગો નીકળે છે. જય માળા હંમેશા રામના ગળામાં શું કામ પડે છે? સ્વયંવરમાં રામ અને રાવણ બંને હાજર હતાં. રામ પાસે રૂપ હતું તો રાવણ પણ રુપવાન હતો. રામ ધનવાન હતા તો રાવણ પણ ધનવાન હતો, સોનાની લંકાનું એશ્વર્ય ધરાવતો હતો. રામ બુદ્ધિમાન હતા તો રાવણ પણ વિદ્વાન હતો અને સંસ્કૃતનો પૂર્ણ જાણકાર હતો. રામ બળવાન હતાં તો રાવણ પણ બળવાન હતો કૈલાશને ઊંચો કરવાનું સામર્થ્ય ધરાવતો હતો, છતાં સિયાજુ એ રામનાં ગળામાં જ કેમ જય માળા નાખી? કારણ કે રામ હી કેવલ પ્રેમ પિયારા. તુલસીએ ભામિનીની સુંદર આખ્યાયિકા કરીને કહ્યું કે ભામિની એટલે પત્ની, લક્ષ્મી માતા ને શ્રાપ લાગ્યો, એટલે એ શબરી બન્યા,અને એટલે પ્રભુશ્રી રામ એમને ભામિની કહે છે. વિભિષણની શરણાગતિ મહાન છે, એને પ્રભુ શ્રીરામ સિવાય કોઈ આશરો આપી શકે તેમ નથી, એ તે જાણતાં હતાં, અને પોતાનો ભાઈ ખોટું કરે છે, તો એને છોડી શત્રુ પક્ષે જવામાં વિલંબ કર્યો નહીં. પ્રભુ ભક્તિ વગર સુખ પ્રાપ્ત થતું નથી, અને ભક્તિ અકારણ આનંદ પદની પ્રાપ્તિ કરાવે છે. મહારાજા જનકની પુષ્પ વાટિકાના સુંદર મનોભાવ માળી, અને પ્રભુનાં સંવાદ રૂપે રજૂ કરી જનક નંદીની સીતાનો જયઘોષ, પ્રભુ શ્રી રામનાં મુખે કરાવ્યો. આપણી પાસે તુલસીદાસજી મહારાજ રચિત રામ ચરિત માનસ છે, અને રામ રાજ્ય કંઈ રીતે થયું, એ આપણે જાણીએ છીએ! ચરિત્ર નિર્માણ કેમ થાય છે એ આપણે સૌ જાણીએ છીએ! છતાં એ તરફ દુર્લક્ષ સેવીએ છીએ. બીજાંનાં અહમની રક્ષાનો સંકલ્પ લેવાથી રામ રાજ્ય આવશે, નહીં કે આપણાં. પણ આ બધું ચાર દીન કી ચાંદની જેમ પછી હતું તેમ! દરેકની માનસિકતાને વાહવાહી બોલાવવાનું જે ગ્રહણ લાગ્યું છે, એ દૂર નહીં થાય ત્યાં સુધી પૂર્ણ ચંદ્રનાં દર્શન કેમ થાય ? તો પ્રશ્ન થાય કે પૂર્ણ દર્શન કોણ કરાવે! ભોલે મહારાજ મહાદેવ, ભાલમાં ચંદ્ર ચમકે તેનાથી માર્ગ અજવાળે, અને જટાની ગંગાથી દ્રષ્ટિને પવિત્ર કરે, પછી જ પૂર્ણ દર્શન થાય! તો સતીને કેમ થયાં નહીં? એ તો અર્ધાંગિની હતાં ,પણ શ્રવણ દોષ, માત્ર કાનથી સાંભળ્યું, એટલે દક્ષ યજ્ઞમાં બળવું પડ્યું, બીજા રાવણે પણ કાનથી સાંભળ્યું, એટલે લંકા દહન થયું, અને એને પણ હણાવુ પડ્યું.લંકા દહન પછી હનુમાનજી પાછા ફરે છે, અને પ્રભુ પુછે છે કે તમે એકલાંએ લંકા જલાવી? કહે ના! પાંચ જણાએ! પ્રભુ પુછે કોણ પાંચ! તો કહે તમારો પ્રતાપ સીતા મૈયાનો સંતાપ, રાવણનું પાપ, મારો બાપ અને હું, એમ પાંચ ભેગા થયાં એટલે લંકા જલી.

તુલસી કૃત રામચરિત માનસની કથા કરનાર કે અન્ય હરિ કથા કરનાર તમામ વ્યાસપીઠ સમાન આદરની અધિકારી છે. બાપુ કહે છે, કે સાધુ માટે કોઈ વ્રત બંધન નથી હોતું. તે ઇચ્છે, તો વ્રત તોડી પણ શકે! સાધુને વ્રત ન બાંધે, બલ્કે સાધુ વ્રતને બાંધે છે! એકવાર બાપુએ કહ્યું હતું કે સેતુબંધ કરનાર જ કલ્યાણ કરી શકે છે. તુલસીદાસજીએ પરમ પુરુષાર્થવાદી વિશ્વામિત્રજી, અને પરમ પ્રારબ્ધવાદી વશિષ્ઠ ઋષિ વચ્ચે સેતુબંધ રચવાનું કામ કર્યું છે. વૈશ્વિક એકતા જેણે સ્થાપી છે, એવાં ગોસ્વામી શ્રી તુલસીદાસજીની જન્મ જયંતી પણ આજે છે. આખરી માણસથી લઇને સર્વોચ્ચ વ્યક્તિ સુધીનાં સહુને આજના દિવસે વધાઈ. પૂજ્ય બાપુએ એક તુલસી જયંતિ એ કહ્યું હતું કે શિવજીનાં મસ્તક પર ગંગા છે, અને ચંદ્ર છે. મતલબ કે બુદ્ધ પુરુષ આપણને પ્રકાશિત કરે અને પવિત્ર પણ કરે છે. શંકરનાં મસ્તિષ્ક પરની ગંગા સહુને પવિત્ર કરે છે જ્યારે ભાલ પરનો ચંદ્ર સૌને પ્રકાશિત કરે છે.

તુલસીદાસજીની જન્મ તિથિ સાતમ શા માટે છે? તુલસીજીને સાતનો આંક સૌથી વધારે પ્રિય છે. આમ તો તુલસીદાસજીને ૧,૩,૫ ૭,૯ અને ૧૧ એટલા અંક પસંદ છે. અને તેનો સરવાળો ૩૬ થાય છે, જે પૂર્ણાંક છે. આપણે ત્યાં બત્રીસ લક્ષણા'નું ઘણું જ મહત્વ છે.પરંતુ તુલસીદાસજી તો ૩૬ લક્ષણા છે! તુલસીદાસજીને સાતનો આંક વધારે પ્રિય છે અને એટલા માટે એમણે રામચરિતમાનસના સાત સોપાન આપ્યા છે. બાલકાંડ સંસ્કારનો કાંડ છે, અયોધ્યા કાંડમાં સ્વીકાર છે, અરણ્યકાંડમાં સત્સંગ છે. સુંદરકાંડમાં સંવાદ છે, લંકાકાંડ સંઘર્ષનો કાંડ છે અને સાતમા ઉત્તર કાંડમાં સુખ છે. આ સાત કાંડના 'સાત સ' તુલસીદાસજીનું જન્મ સપ્તક છે.

બાપુએ કહે છે કે, સાધુ બનવું સહેલું નથી. સાધુ બનવા માટે બહુ સાધના કરવી પડે છે, સાધુ બનતા બહુ વાર લાગે છે, બહુ રાહ જોવી પડે છે. સાધુનાં દર્શન તો કોઈ પુણ્યપૂંજને કારણે થઈ જાય છે, પણ સાધુ બનવા માટે જન્મ જન્મની સાધના જોઈએ! પૂજ્ય બાપુએ પોતાના અંતર મનની વાત કરી હતી. મારી અંગત આસ્થામાં ત્રણ ત્રિભુવન ગુરુ છે- એક ભગવાન શંકર, બીજા પૂજ્ય ત્રિભુવન દાદા અને ત્રીજા કાગભુષંડીજી મહારાજ. કોઈપણ ગુરુ કદી કંઠી ન પકડે, એ તો સાધકનો આશ્રિતનો કંઠ પકડે, કે જેથી રામ સિવાય એમાંથી કશો શબ્દ ન નીકળે. બસ રામ એક મંત્ર, રામ એક વિચાર, કે જે સૌને જોડે છે, એ વિચાર સાથે પૂર્ણ સહમતી દર્શાવી,અને આવનારા સમયમાં બહુ જલ્દીથી રામ રાજ્ય સ્થાપાય એવું આચરણ કરીએ.જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# J&Kના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગુજરાતના મહેમાન

## ગુજરાતના પ્રવાસીઓની સંખ્યા વધારવા કરી અપીલ : છેલ્લા ૩૦ વર્ષમાં ખીણમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતને આપ્યો શ્રેય

અમદાવાદ, તા. ૩૦

૩૧ જુલાઈના રોજ ગાંધીનગરમાં આયોજિત પ્રવાસ મેળામાં હાજરી આપનારા જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગુજરાતના પ્રવાસીઓની સંખ્યા વધારવા અપીલ કરી હતી. તેમણે છેલ્લા ૩૦ વર્ષમાં ખીણમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળને શ્રેય આપ્યો.

પ્રવાસન મેળા પહેલા અમદાવાદ એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરતા, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું, ''જો તમે છેલ્લા ૩૦-૩૫ વર્ષો પર નજર નાખો તો, જમ્મુ અને કાશ્મીરમાં સૌથી વધુ પ્રવાસીઓ ગુજરાત, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળથી આવ્યા છે. હું અને મારી ટીમ જમ્મુ અને કાશ્મીરના પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે અહીં છીએ, અને અમને આશા છે કે આગામી સિઝનમાં અમે ગુજરાતથી મોટી સંખ્યામાં પ્રવાસીઓનું સ્વાગત કરીશું.''

તાજેતરના પહેલગામ આતંકવાદી હુમલા અંગે, અબ્દુલ્લાએ કહ્યું, ''આપણે ગુપ્તચર અને સુરક્ષા ખામીઓને નકારી શકતા નથી; જે બન્યું તેના માટે કોઈ જવાબદાર છે. જોકે આરોપીને ગોળી મારી દેવામાં આવી છે, પરંતુ સુરક્ષા ખામી અંગે સ્પષ્ટતા અને જવાબદારીનો અભાવ ચિંતાજનક છે.'' તાજેતરના દાયકાઓમાં જમ્મુ અને કાશ્મીરમાં થયેલા સૌથી ઘાતક આતંકવાદી હુમલાઓમાંના એકમાં, પહેલગામમાં થયેલા ક્રૂર હુમલામાં ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકના ૨૬ પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પહેલગામ એક મનોહર સ્થળ છે જેને ઘણીવાર ''ભારતનું મીની સ્વિટ્ઝર્લેન્ડ'' તરીકે ઓળખવામાં આવે છે.

ભોગ બનેલાઓમાં સુરતના શૈલેષ કાલથિયા અને ભાવનગરના યતીશ પરમાર અને તેમના નાના પુત્ર સ્મિત પરમારનો સમાવેશ થાય છે. આ હુમલાએ માત્ર જીવ ગુમાવ્યા જ નહીં પરંતુ



કાશ્મીરના પ્રવાસન અર્થતંત્રને પણ ગંભીર ફટકો પાડ્યો. સમગ્ર ગુજરાતમાં ગભરાટ ફેલાઈ ગયો અને ઘણા પરિવારોએ ખીણની તેમની સુનિશ્ચિત યાત્રાઓ અચાનક રદ કરી દીધી. દર વર્ષે કાશ્મીરની મુલાકાત લેતા અનુભવી પ્રવાસીઓએ પણ આ વખતે કાશ્મીરની મુલાકાત ન લેવાનો નિર્ણય લીધો, જેના કારણે પ્રવાસીઓની સંખ્યા અને આવકમાં ભારે ઘટાડો થયો.

જમ્મુ અને કાશ્મીરના GDPમાં લગભગ ૭-૮% ફાળો આપતો પર્યટન ક્ષેત્ર આ પ્રદેશના અર્થતંત્રની જીવાદોરી છે, જે ૨.૫ લાખથી વધુ લોકોને સીધી રોજગારી આપે છે. શ્રીનગરના પ્રતિષ્ઠિત દાલ તળાવ પર ૧,૫૦૦ થી વધુ હાઉસબોટ અને અસંખ્ય હોટલ, ગાઇડ, ડ્રાઇવરો અને નાના વ્યવસાયો સંપૂર્ણપણે પ્રવાસીઓના આગમન પર આધારિત છે. વાર્ષિક પ્રવાસન ઉદ્યોગ, જે હાલમાં ₹૧૨,૦૦૦ કરોડનો છે, તે ૨૦૩૦ સુધીમાં ₹૨૫,૦૦૦-૩૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ હતો. પરંતુ આતંકવાદી હુમલાએ એક અંધકારમય સમયગાળાની શરૂઆત કરી જેણે વર્ષોની પ્રગતિને ધૂંધળી બનાવી દીધી.

આ વિક્ષેપ એવા સમયે આવ્યો જ્યારે કોવિડ પછી કાશ્મીરમાં પ્રવાસન ઝડપથી વધવા લાગ્યું હતું. ૨૦૨૦ માં ૩૪ લાખ પ્રવાસીઓથી વધીને ૨૦૨૧ માં ૧.૧૩ કરોડ, ૨૦૨૨ માં ૧.૮૮ કરોડ, ૨૦૨૩ માં ૨.૧૧ કરોડ અને ૨૦૨૪ માં ૨.૩૬ કરોડ થવાની ધારણા છે, જેમાં ૬૫,૦૦૦ થી વધુ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

હવે, વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અને પ્રવાસીઓના પ્રવાહને પુનર્જીવિત કરવા માટે એક વ્યૂહાત્મક પગલામાં, ઓમર અબ્દુલ્લા ખીણમાં પર્યટનને પ્રોત્સાહન આપવામાં એક સમયે મુખ્ય ભૂમિકા ભજવનારા ગુજરાતી પ્રવાસીઓ સાથે ફરીથી જોડાવાના ઉદ્દેશ્ય સાથે સીધો સંપર્ક સ્થાપિત કરી રહ્યા છે.

# તું સામો મળતો જ નહિ નહિતર જીવતો નહિ રહે કહી ફાયનાન્સરને ગાળો, ખૂનની ધમકી

## રૈયામાં રહેતાં મનિષભાઇ દવેની ફરિયાદ પરથી બે શખ્સ વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૩૦

માથાકુટની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. રૈયા ગામમાં રહેતાં અને ત્યાં જ ફાયનાન્સની ઓફિસ ચલાવતાં પ્રૌઢે એક શખ્સને લોન આપી હોઇ તેને આ શખ્સેના સાળાએ તેમને ફોન કરી તું રૈયા ચોકડીએ આવ લોનનો હિસાબ સમજવો છે કહી ફોનમાં ગાળો દઇ હવે તુ સામો તો ક્યાંય મળતો જ નહિ નહિતર પતાવી દઇશ તેવી ધમકી આપતાં વાત પોલીસ દફતરે પહોંચી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયા ગામ ખોડિયાર મંદિર સામે શેરી નં. ૨માં રહેતાં ચોપન વર્ષના મનિષભાઇ ધીરજલાલ દવેની ફરિયાદ પરથી રામેશ્વર પર્કા રૈયા રોડ પર રહેતાં નિકુંજ ઉનડકટ અને તેના મિત્ર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મનિષભાઇ દવે પરિવાર સાથે રહે છે અને શ્રીગુરૂકૃપા એન્ટરપ્રાઇઝ નામે ફાયનાન્સ અને લોન ધીરાણનું કામ કરે છે જેની ઓફિસ



રૈયા ગામમાં આવેલી છે. તેણે જણાવ્યું હતું કે ૧૯/૧૦/૨૪ના ૨જ અશ્વીન માખેચાએ મારી ઓફિસમાંથી રૂા. ૧,૬૦,૦૦૦ની ફાયનાન્સની લોન કરાવી હતી. બાદમાં લોનના હપ્તા અશ્વીને આજ સુધી સમયસર ભર્યા હતાં. આ રકમ અશ્વીન અને તેના સાળા નિકુંજે સરખા ભાગે વહેંચી હતી.

તેમજ અશ્વિને તેના સાળા નિકુંજને લોનના હપ્તા ભરવા જણાવ્યું હતું. આ બંને વચ્ચે લોનના હિસાબ બાબતે વિવાદ ચાલતો હતો. દરમિયાન સત્તરમી તારીખના રોજ સાડા નવક વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે નિકુંજ ઉનકડકટે મને ફોન કરી તું રૈયા ચોકડીએ આવ લોનનો હિસાબ સમજવો છે તેમ કહીં મને ફોનમાં ગાળો દેવા માંડતા મેં તેને ગાળો બોલવાની ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયો હતો. તેમજ ફોનમાં જ ીનકુંજના એક મિત્રએ પણ મને ગાળો દીધી હતી અને બાદમાં નિકુંજે કહેલુ કે તું હવે સામો ક્યાંય મળતો નહિ નહિતર તને મારી નાંખીશ કહી ધમકી દઇ ફોન મુકી દીધો હતો. મેં આ માથાકુટ બાદ ફરિયાદ નોંધાવવાનું વિચાર્યુ નહોતું. પરંતુ વધુ ડખ્ખો થશે તેવુ લાગતાં અને મને ધમકી અપાઇ હોઇ ડર લાગતાં હવે ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં મનિષભાઇ દવેએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં રાહબરીમાં એએસઆઇ જે. એલ. બાળાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

માર્કેટિંગ યાર્ડમાં અજાણ્યા વ્યક્તિ તરીકે ખેડૂતો સાથે વાતચીત કરતા ઢોલરીયા : યાર્ડ અંગે મેળવ્યા અભિપ્રાયો

# ખેડૂત નેતા તરીકેની જવાબદારી ચરિતાર્થ કરતા અલ્પેશ ઢોલરીયા

ગોંડલ, તા. ૩૦

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા ભાવ મળી રહે તે માટે ઘણા ખરા પગલાં લીધા છે એટલું જ નહીં માર્કેટિંગ યાર્ડને પણ ખાસ ખેડૂત હિતમાં કાર્ય કરવા માટેની તાકીદ કરવામાં આવી છે ત્યારે સરકાર આ અંગે થતી કામગીરી નું અવલોકન પણ કરતી હોય છે. ત્યારે હવે મહત્વનું એ છે કે દરેક યાડના ચેરમેનો દ્વારા ખેડૂતલક્ષી અભિગમ અપનાવવા અને તેની યોગ્ય અમલવારી કરવા માટે જણાવવામાં આવ્યું છે તેમાં પણ જ્યારે ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા ની વાત





આવે તો કહી શકાય કે ખરા અર્થમાં ખેડૂત નેતા તરીકેની જે જવાબદારી છે તે યથાર્થ અને ચરિતાર્થ તેઓએ કરી છે.

સૌરાષ્ટ્ર નુ અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયા એ સાચા અર્થમાં ખેડૂત નેતા છે તે યથાર્થ કર્યું છે. સાદાઈ નુ જીવનશેલી ધરાવતા અલ્પેશભાઇ ઢોલરીયા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં વહેલી સવારે મોર્નિંગ વોક મા હોય ત્યારે હંમેશા ખેડૂતોની ચિંતા કરતા અલ્પેશભાઇ ઢોલરીયાએ યાર્ડમાં જણસીઓ લઈને આવતા ખેડૂતો સાથે અજાણ્યા વ્યકિત બનીને તેમની સાથે ચર્ચાઓ કરવી, યાર્ડ વિશેના અભિપ્રાય મેળવવા જેવી બાબતોના લીધે વધુ લોકચાહના ધરાવે છે સાચા અર્થમાં ખેડૂત નેતા છે તે યથાર્થ કરે છે.

# સિધ્ધી કોપરના ગ્રાઉન્ડ ફ્લોરના રૂમમાંથી ૯૫ હજારની ચોરી

## નેપાળી દંપતિની રોકડ, દાગીના ચોરાતાં તાલુકા પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૩૦

ચોરીનો વધુ એક બનાવ બન્યો છે. નાના મવા જીવરાજ પાર્ક પાસે સિધ્ધી કોપર એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલી એક રૂમમાં રહેતાં નેપાળી દંપતિના રૂમમાંથી કોઇ સોનાનું મંગળસુત્ર, રોકડ, નેપાળી કરન્સી મળી રૂા. ૯૫૫૫૦ની માલમત્તા સાથેની પેટી ચોરી ગયું હતું. આ બનાવમાં તાલુકા પોલીસે સિધ્ધી કોપર એપાર્ટમેન્ટ સી-વીંગ ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા રૂમમાં રહેતાં લોકબહાદુર સંયમલાલ ખાડકા-નેપાળીની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. લોકબહાદુરે જણાવ્યું છે કે હું મુળ નેપાળનો વતની છું. હાલમાં આ સ્થળે મારી પત્નિ સાથે રહુ છું અને ઘરમશી કોરાટ રોડ મોટા મવા ખાતે વ્હાઇટવેલી રિસોર્ટમાં મેનેજર તરીકે નોકરી કરુ છું.

તેણે વધુમાં કહ્યું કે મારા પત્નિ લીલા સિધ્ધી કોપર એપાર્ટમેન્ટ અને આસપાસમાં સાફસફાઇનું કામ કરે છે. મારો નોકરીનો સમય સવારે દસથી બપોરના ત્રણ અનેસાંજે છથી રાતના અગિયાર સુધી છે. ૨૭મીએ સવારે દસેક વાગ્યે હું નોકરીએ જવા નીકળ્યો હતો. બપોરે બે વાગ્યે પત્નિએ મને ફોન કરી ઘરમાં ચોરી થયાની જાણ કરતાં હું ઘરે આવ્યો હતો. મારા પત્નિ પણ સાડા બારેક વાગ્યે ઘરને તાળુ મારી નજીકના એપાર્ટમેન્ટમાં ઘરકામ કરવા ગઇ હતી. અમે જ્યાં રહીએ છીએ તે એક જ રૂમ છે, તેનો આગળીયો ખોલી કોઇ અંદર ઘુસી અમે રાખેલી પેટી ચોરી ગયું હતું. આ પેટીમાં સોનાનું મંગળસુત્ર રૂા.૫૦ હજારનું, ૪૫ હજાર રોકડા અને નેપાળી કરન્સી ૫૫૦ની મળી કુલ ૯૫૫૫૦ની મત્તા હતી. તાલુકા હેડકોન્સ. અજયભાઇ ભુંડીયાએ તપાસ હાથ ધરી છે.

લાખાજીરાજ રોડ પર દૂકાન સામેથી વાહન, સામાન લઇ લેવાનું કહેતાં જામી પડી

# મારામારીમાં પ્લાસ્ટીકના સ્ટેચ્યુના બે હાથ કાઢી તેનો ઉપયોગ કરાયો!

## બે વેપારી ભાઈઓને બાજુની દૂકાનવાળા ત્રણ જણાએ ફટકાર્યા અને ધમકી પણ દીધી

રાજકોટ, તા. ૩૦

શહેરમાં કોઇને કોઇ વાતે મારામારી કરનારા લોકો જે તે વખતે જે હાથમાં આવે એને હથીયાર બનાવી લેતાં હોય છે. લાખાજીરાજ રોડ પર લેડીઝ કપડાની દૂકાન ચલાવતાં વેપારીએ બાજુની દૂકાનવાળાને તેનો સામાન અને વાહનો નડતરરૂપ થતાં હોઇ તે દૂર ખસેડવાનું કહેતાં માથાકુટ થતાં બે વેપારી ભાઇઓ પર બાજુની દૂકાનવાળા ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. ઢીકાપાટુની સાથે સાથે દૂકાન બહાર રખાયેલા પ્લાસ્ટીકના સ્ટેચ્યુમાંથી બે હાથ ખેંચી કાઢી તેનો પણ હથીયાર તરીકે ઉપયોગ કરી મારકુટ કરવામાં આવી હતી!

વેપારીઓ વચ્ચેની માથાકુટની આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસે પેલેસ રોડ વર્ધમાનનગર વર્ધમાન એપાર્ટમેનટ સી-૧૯ પહેલા માળે



રહેતાં અને લાખાજીરાજ રોડ પર પ્રણામી મંદિર પાસે રોનક એનેક્ક્ષ નામે લેડીઝ કપડાની દૂકાન ચલાવતાં અઠ્ઠાવીસ વર્ષના યશ અજયભાઇ દોશીની ફરિયાદ પરથી નવલ પરમાર, જય અને સાગર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. યશ દોશીએ ફરિયાદમાં જણાવ્યું છે કે અમારી દુકાને હું તથા મારા મોટા ભાઇ બ્રિજશેભાઇ, તેના પત્નિ નેહાબેન, મારા માતા બીનાબેન એમ બધા બેસીએ છીએ અને વેપાર કરીએ છીએ. ૧૫મીએ સાંજે આઠેક વાગ્યે અમે દુકાને હતાં ત્યારે બાજુની જસ્સી ક્રિએશન નામની દૂકાનવાળા તેમનો સામાન અને તેમના વાહનો અમારી દૂકાન સામે રાખતા હોઇ મારા ભાઇએ તેનોઅને તમારો સામન અમારી દૂકાન આગળથી લઇ લેજો નડતરરૂપ થાય છે તેમ સમજાવવા ગયો હતો.

આથી નવલ પરમાર, અજય અને સગારે ઉશ્કેરાઇ જઇ મારા ભાઇ સાથે ઝઘડો કરી ગાળો દીધી હતી. દેકારો સાંભળી હું બહાર ગયો હતો અને તેને ઝઘડો નહિ કરવા સમજાવતાં આ લોકોએ મને પણ ગાળો દીધી હતી.

આ પછી સાગર અને જયએ મને ઢીકાપાટુ માર્યા હતાં. મારો ભાઇ વચ્ચે પડતાં તેને રોડ પર રાખેલા પ્લાસ્ટીકના ડમી સ્ટેચ્યુમાંથી સાગર અને જયએ એક એક હાથ કાઢી એ પ્લાસ્ટીકના હાથથી મારા ભાઇને ફટકા માર્યા હતાં. દેકારો થતાં માણસો ભેગા થઇ જતાં આ ત્રણેયએ અમારો સામાન તો અહિ જ રહેશે, હવે ઝઘડો કરશો તો મારી નાંખશું તેમ કહી ધમકી આપતાં અમે પોલીસ બોલાવી હતી. પણ અમને મારી નાંખવાની ધમકી આપી એટ્રોસીટી કરવાની પણ ધમકી દીધી હોઇ જેથી અમને ડર લાગતાં અમે ફરિયાદ કરવાની ના પાડતાં પોલીસની ગાડી જતી રહી હતી. વધુ માથાકુટ થશે તેવું લાગતાં હવે પોલીસ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં જય દોશીએ જણાવતાં પીઆઇ બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ એએસઆઇ આર. જી. ચૌહાણે ગુનો નોંધતા હેડકોન્સ. સંજયભાઇએ આરોપીઓને પકડી લેવા વધુ તપાસ હાથ ધરી હતી.

# સગીરા ઘરેથી બેરલ લેવા નીકળી પાછી જ ન આવી!

## ભગવતીપરાનો બનાવઃ ઇન્સ્ટા આઇડીમાં છોકરાની રીલ જોવા મળતાં તે ભગાડી ગયાની શંકાએ બી-ડિવીઝન પોલીસની તપાસ

રાજકોટ, તા. ૩૦

વધુ એક સગીરા ગૂમ થઇ જતાં પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો છે. શહેરના ભગવતીપરા વિસ્તારની સત્તર વર્ષની સગીરા માસીના ઘરે બેરલ લેવા જવાનું કહીને નીકળ્યા બાદ ગૂમ થતાં બી-ડિવીઝન પોલીસે સગીરાના પિતાની ફરિયાદ પરથી ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદી મજૂરી કામ કરે છે. તેને બે સંતાન છે. જેમાં દિકરી ૧૭ વર્ષની છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૮મીએ મંગળવારે સવારે દસેક વાગ્યે દિકરી મારા ઘરેથી પાટલાસાસુના ઘરે પ્લાસ્ટીકનું બેરલ લેવા જવાનું કહીને નીકળી હતી.

તેમણે આગળ કહ્યું હતું કે એ પછી હું મારી દવા લેવા સિવિલ હોસ્પિટલે ગયો હતો. બપોરે બે વાગ્યે પરત આવ્યો ત્યારે દિકરી ઘરે ન હોઇ મેં ફોન કરતાં તેનો ફોન બંધ આવતો




હતો. આથી મારા પાટલાસાસુને પુછતાં તેણે કહેલુ કે તમારી દિકરી અહિ આવી જ નથી. આ પછી મેં દિકરીને ઠેકઠેકાણે અને સગા સંબંધીને ત્યાં શોધખોળ કરી હતી. પરંતુ કોઇ ભાળ મળી નહોતી. માર દિકરીના ઇન્સ્ટાગ્રામમાં એક આઇડીમાં કલ્પેશ ઠાકોર લખેલુ જોવા મળ્યું હોઇ કદાચ આ શખ્સ સાથે તે હોવાની મને શંકા છે. પીઆઇ એસ. એસ. રાણેની રાહબરીમાં એએસઆઇ જે. એમ. ઝાલાએ અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વ્યાજંકવાદની વધુ એક ઘટનાઃ કોઠારીયા રોડ વિવેકાનંદ નગરના આધેડને નોંધાવવી પડી ફરિયાદ

# એક લાખ સામે ત્રણ દીધા, છતાં માર મારી ૪ લાખ પડાવ્યા

## ત્રણ વર્ષ સુધી સતત દસ હજાર દર મહિને ભર્યા છતાં વધુ બે લાખ પાંસઠ હજાર મંગાયાઃ મોરબી રોડના શખ્સને શોધી રહી છે ભક્તિનગર પોલીસ

રાજકોટ, તા. ૩૦

વ્યાજંકવાદની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ત્રણ વર્ષ પહેલા દસ ટકે એક લાખ વ્યાજે લનારે દર મહિને દસ દસ હજાર કરી ત્રણેક લાખ ચુકવી દીધા હોવા છતાં વ્યાજખોરે ઘરે આવી હજુ વધુ બે લાખ પાંસઠ હજાર તારે દેવાના છે કહી માર મારી બળજબરીથી ચાર લાખ પડાવી લીધા છે.

આ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો ભક્તિનગર પોલીસે કોઠારીયા રોડ વિવેકાનંદ સોસાયટી-૧માં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં કિરણભાઇ કાંતિભાઇ ચૌહાણ નામના છેતાલીસ વર્ષના આધેડની ફરિયાદ પરથી વિનુ કાંબલીયા વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી વિશેષ કાયવાહી હાથ ધરી હતી. કિરણભાઇએ જણાવ્યું છે કે મારે પત્નિ સાથે અણબનાવ હોઇ તેણી મારા બાળકો સાથે પાંચેક વર્ષથી અમદાવાદ તેના માતા-પિતાના ઘરે રહે છે. ચારેક વર્ષ પહેલા હું મોરબી રોડ જુના જકાતનાકા પાસે બેસતો ત્યારે વિનોદ સાથે ચાની હોટલે ઓળખાણ થઇ હતી. અવાર-નવાર ચા પીવા આવતાં હોઇ જેથી અમે બંને ત્યાં ભેગા થતાં હતાં. મેં તેના મોબાઇલ નંબર પણ લીધા હતાં. વિનોદને મોરબી રોડ જકાતનાકા પાસે ઇમિટેશનનું કારખાનુ છે. ત્રણેક વર્ષ પહેલા મારે એક લાખ રૂપિયાની જરૂર પડતાં મેં વિનોદને વાત કરતાં તેણે કહેલુ કે પૈસા તો તને આપુ પણ દર મહિને ૧૦ હજાર વ્યાજ આપવું પડશે.

જેથી મેં હા પાડી હતી. એ પછી સંત કબીર રોડ પર તેણે મને ૯૦ હજાર આપી કહેલુ કે ૧૦ હજાર વ્યાજના કાપી લીધા છે. એ પછી હું




નિયમીત રૂા. ૧૦ હજાર લેખે દર મહિને વ્યાજ આપતો હતો. વિનુએ મારી પાસે સિક્યુરીટી પેટે બેંકના બે ચેક પણ લીધા હતાં. તે વ્યાજવટાવનું કરતો હોવાની મને પછી ખબર પડી હતી. બાદમાં તે મારા ઘરે પણ આવતો જતો હતો. ૨૯/૭ના રોજ સાંજે છએક વાગ્યે વિનુ તેની કાર લઇને મારા ઘરે આવ્યો હતો. આ વખતે હું એકલો જ હતો. તેણે આવીને મને કહેલુ કે તારે હજુ મને ૨,૬૫,૦૦૦ આપવાના છે. જેથી મેં કહેલું કે મેં ૧ લાખ જ વ્યાજે લીધા હતાં અને તેના પણ દર મહિને નિયમીત ૧૦-૧૦ હજાર આપુ જ છું.

આ સાંભળી વિનુએ ઉશ્કેરાઇ જઇ કહેલુ કે તારી પાસે કેટલા રૂપિયા છે તેમ કહી બળજબરીથી મારી પાસે ૪ લાખ પડ્યા હોઇ તે કઢાવી લીધા હતાં અને મારકુટ કરી મને પછાડી ભાગી ગયો હતો. મને પડી જવાને કારણે કપાળે ઇજા થઇ હતી. બાદમાં મેં મિત્રને ફોન કર્યો હતો અને મારે માથાકુટ થઇ છે, ઇજા થઇ છે હું હોસ્પિટલે જાઉ છું તેમ કહી હોસ્પિટલે જતાં મારા મિત્ર ગિરીરાજસિંહ પણ બાદમાં આવી ગયા હતાં. સારવાર બાદ મને રજા અપાઇ પછી મેં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ત્રણ વર્ષ પહેલા એક લાખ લીધા તેના દસ-દસ હજાર વ્યાજના નિયમીત ચુકવ્યા છે છતાં વધુ ૨,૬૫,૦૦૦ માંગી વિનુ બળજબરીથી મારી પાસેથી ૪ લાખ પડાવીને ભાગી ગયો હતો. તેમ વધુમાં કિરણભાઇએ કહેતાં ભક્તિનગરના પોલીસ ઇન્સપેક્ટ્ર મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શનમાં એએસઆઇ એચ. કે. ડાંગરે ફરિયાદ દાખલ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

### આવ તારું કરી નાંખુ...એવુ સુત્ર જેની નજર સામે હોય છે એ ગમે તેનો કરી નાંખે શિકાર

# સાળા-બનેવી, કાકા-ભત્રીજાએ આચર્યા મસમોટા ફ્રોડ

## સાળો-બનેવી સોની વેપારીને છેતરી ચાલીસ લાખ ખાઇ ગયા અને કાકો-ભત્રીજો હીરાના વેપારીને છેતરી સવાત્રેવીસ લાખ ચાંઉ કરી ગયા

રાજકોટ, તા. ૩૦

આવ તારૂ કરી નાંખુ એવુ સુત્ર નજરમાં મનમાં રાખીને ગામના ગરીયા કરવા નીકળી પડનારા ગમે તેમ કરીને સવારથી સાંજ સુધીમાં કોઇને ને કોઇને શીશામાં ઉતારી છેતરી લેતાં હોય છે. કોઇ હજારોની તો કોઇ લાખોની ઠગાઇ કરતાં હોય છે, કોઇ વળી કરોડ સુધી પણ પહોંચી જતાં હોય છે. ટુંકમાં કોણ ક્યારે કઇ જગ્યાએ અને કોનું કરી નાંખે તે ખબર પડતી નથી. ફ્રોડની વધુ બે ઘટના સામે આવી છે જેમાં સાળા-બનેવીની જોડીએ જ્વેલર્સ સાથે ચાલીસ લાખની ઠગાઇ કરી છે. તો બીજા બનાવમાં કાકા-ભત્રીજાની જોડી પણ સાડા ત્રેવીસ લાખની છેતરપીંડી કરી લેવામાં સફળ થઇ ગઇ હતી.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો સુરતના સિંગણપોર ચાર રસ્તા પાસે આવેલી શક્તિ જ્વેલર્સના માલિક સાળા બનેવીએ મજૂરી વગર જુના ઘરેણા માંથી નવા ઘરેણા બનાવી આપવાની લાલચ આપીને ત્રણ ગ્રાહકો પાસેથી રૂ.૩૯.૮૬ની કિંમતના સોનાના ઘરેણા લઇને દુકાન બંધ કરી નાસી ગયાનો બનાવ બન્યો છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ પાલ મધુવન સર્કલ ખાતે ?આવેલા ગ્રીન આર્કેટમાં રહેતા અમિત દિલીપી સોની અને તેનો સાળો તુષાર દિપક રાણિગાં સિંગણપોર ચાર રસ્તા પાસે શક્તિ જ્વેલર્સના નામે સોનાચાંદીના ઘરેણાની દુકાન ચલાવતા હતા.વેડરોડ ખાતે આવેલી અક્ષરદિપ સાસોયટીમાં રહેતા રણજીતભાઇ માનસિંહભાઇ સોલંકી તેમને ત્યાંથી સોનાના ઘરેણા ખરીદતા હતા. રણજીતભાઇના દિકરાના લગ્ન હોવાથી તેઓ શક્તિ જ્વેલર્મમાં ગયા હતા.

જયાં અમિત અને તુષારે તેને જુના ઘરેણાંમાંથી નવા ઘરેણા મજૂરી વગર બનાવી આપવાની લાલચ આપી હતી. જેથી રણજીતભાઇએ રૂ.૨૮ લાખની કિંમતનું ૪૦૦ ગ્રામ સોનું સાળા બનેવીને આપ્યું હતું. ત્યારે તેમને ૪૫ દિવસમાં ઘરેણા બનાવી આપવાનું કહ્યું હતું. જોકે,સમય થતા રણજીતભાઇએ તપાસ કરતા આ ઠગા સાળા બનેવીને થોડા સમયમાં આવી દેવાનું કહીને દુકાન બંધ કરી નાસી ગયા હતા. રણજીતભાઇએ તપાસ કરતા આ બંનેએ જણાએ પ્રફુલભાઇ મગનભાઇ ગોહિલ (રહે, રમણનગર સોસાયટી કતારગામ) પાસેથી રૂ.૧.૩૬ લાખ તથા




રમેશભાઇ જાદવભાઇ મોરડીયા (રહે, હેમાંશુ પાર્ક એપાર્ટમેન્ટ ઉમરા) પાસેથી રૂ.૧૦.૫૦ લાખના સોનાના ઘરેણાં નવા બનાવી આપવાના બહાને લીધા હોવાનું માલુમ પડ્યું હતું. આખરે રણજીતભાઇએ કતારગામ પોલીસમાં આ સાળા બનેવી વિરૂદ્ધ રૂ.૩૯.૮૬ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

આ કેસમાં પોલીસે સાળાની ધરપકડ કરી છે, જ્યારે તેનો બનેવી હજુ ફરાર છે. પોલીસને શંકા છે કે, છેતરપિંડીનો આંકડો ઘણો મોટો હોઈ શકે છે. જ્વેલરી શોપ અમિત દિલીપ સોની (રહે. ગ્રીન આર્કેડ, પાલ) તેના સાળા તુષાર દીપક રાણીંગા (રહે. આશીર્વાદ વિલા, વેસુ) સાથે ભાગીદારીમાં ચલાવતો હતો. આ સાળા-બનેવીની જોડીએ રણજીતભાઈને જૂનું સોનું એક વર્ષ માટે જ્વેલર્સ પાસે રાખવા બદલ મફતમાં નવા દાગીના બનાવી આપવાની અથવા તો જમા કરાવેલા સોના પર દસ ટકા વધુ સોનું પાછું આપવાની આકર્ષક સ્કીમ ઓફર કરી હતી. આ સ્કીમથી લલચાઈને રણજીતભાઈએ મોટી રકમનું સોનું જમા કરાવ્યું હતું. જોકે, નિર્ધારિત સમય પછી પણ તેમને ન તો નવા દાગીના મળ્યા ન તો વચન મુજબ વધારાનું સોનું. આખરે તેમને છેતરાયા હોવાનો અહેસાસ થતાં તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે તુષાર દીપક રાણીંગાની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

બીજી તરફ સુરત મહિધરપુરાના હીરા વેપારી પાસેથી ૧૫ દિવસમાં પેમેન્ટ કરવાનો વાયદો કરી હીરા લઇ જઇ૨૩.૩૩ લાખની છેતરપિંડી કરનાર બે દલાલ સામે ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ દાખલ થતાં તપાસ શરૂ કરવામાં આવી છે. જહાંગીરપુરા સમીર મોદી મહિધરપુરા હીરા બજારમાં ધંધો કરે છે. મહિધરપુરા નુર ચેમ્બર્સમાં ઓફિસ ધરાવતા કાકા-ભત્રિજા વિપુલ કાકડીયા અને હર્ષિલ મેઘજી કાકડીયા સાથે પરિચય હતો. સમીર મોદી પાસેથી પણ અગાઇ આ કાકા-ભત્રિજાએ વેચવા માટે હીરા લઇને દસથી પંદર દિવસમાં તેનું પેમેન્ટ ચૂકવી આપી વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારબાદ આ બંનેએ રૂ.૩૪,૯૧ લાખના હીરા વેચવા લીધા હતા. નિયત સમયમાં તેના નાણા નહીં ચૂકવતા સમીરે ઉઘરાણી કરતાં ૧૧.૫૮ લાખ તેમણે ચૂકવી આપ્યા હતા. જ્યારે બાકીના રૂ.૨૩,૩૩ લાખ આપ્યા ન હતા.

સમીરકુમારે તેમની ઓફિસે જઇને પૈસાની ઉઘરાણી કરતા આ કાકા-ભત્રિજાએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સમીરકુમારે ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેને શોધી કાઢવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.



# તપસ્વી સ્કૂલ ખાતે ઈન્વેસ્ટિચર સમારોહની ભવ્ય ઉજવણી

## ૩૦ વિદ્યાર્થીઓનો ને સ્ટુડન્ટ કાઉન્સિલમાં બિરદાવવામાં આવ્યા

રાજકોટ, તા. ૩૦

Tapasvi School, Rajkot માં નવા વિદ્યાર્થીઓના નેતૃત્વ ગોઠવણના ભાગરૂપે વિદ્યાર્થી પરિષદના ઇન્વેસ્ટિચર સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓ અને વાલીશ્રી એ કાર્યક્રમ પ્રત્યક્ષ નિહાળયો હતો.સમારંભમાં હેડ બોય, હેડ ગર્લ, વાઇસ હેડ બોય, વાઇસ હેડ ગર્લ, વિવિધ ગૃહોના કેપ્ટન, વાઇસ-કેપ્ટન અને પ્રીફેક્ટ્સને સન્માનપૂર્વક શેષ અને બેજ તેમના વાલી દ્વારા પહેરાવવામાં આવ્યા અને શપથ વિધિનું આયોજન થયું. કુલ ૩૦ વિદ્યાર્થીઓનો ને સ્ટુડન્ટ કાઉન્સિલમાં બિરદાવવામાં આવ્યા હતા.

શપથગ્રહણ વિધિ દરમિયાન નવા નિયુક્ત થયેલ વિદ્યાર્થીઓએ શાળાની નીતિ, સંસ્કાર અને નિયમોનુ પાલન રાખી, એક ઉત્તમ નેતા તરીકે સેવા આપવાનો સંકલ્પ કર્યો. શાળાના ટ્રસ્ટી અમીષભાઈ દેસાઈ, પ્રિન્સિપાલ, દર્શિનીબેન કથરેચા તથા તમામ શિક્ષક મંડળે વિદ્યાર્થી ઓને તેમની જવાબદારી નિભાવવા માટે પ્રોત્સાહન તથા અભિનંદન પાઠવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા, જે સર્વેનું ધ્યાન ખેંચી ગયા.આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ કૌશલ્ય, જવાબદારીની ભાવના અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે. તપસ્વી સ્કૂલ રાજકોટ હંમેશા વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહી છે. કાર્યક્રમના અંતે તમામ નવ દળ શાળાના વિકાસ અને શિસ્ત માટે સંકલ્પબદ્ધ બન્યું અને એક ઉત્સાહભેર નવી શરૂઆતની ઉજવણી કરવામાં આવી.

# જાહેરમાં, ઘરમાં જૂગટુ ખેલવા બેઠેલા ૧૨ પકડાયા

## કુવાડવા પોલીસે બિલેશ્વર સ્ટેશન પાસે, બી-ડિવીઝન પોલીસે ગણેશનગરમાં ઘરમાં પાડ્યો દરોડો

રાજકોટ, તા. ૩૦

શ્રાવણીયા જૂગારના વધુ બે દરોડામાં કુલ બાર પકડાઇ ગયા હતાં. જેમાં એક દરોડો બીલેશ્વર રેલ્વે સ્ટેશન પાસે કુવાડવા પોલીસે અને બીજો દરોડો બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ ગણેશનગરમાં પાડ્યો હતો.

વિગતો જોઇએ તો બિલેશ્વર રેલ્વે સ્ટેશન પાસે પટમાં કુવાડવા પોલીસે દરોડો પાડી લોધેશ્વર સોસાયટીના કાળુ છોટુભાઇ ભરદ્દુવાર, રણજીત જીવણભાઇઝરીયા, પ્રવિણ પરષોત્તમભાઇ ઝરીયા, ચિરાગ અરવિંદભાઇ ઝરીયા, અજય છોટાલાલ ઝરીયા, રવિ શિવલાલભાઇ ઝરીયા, ભાવેશ મુકેશભાઇ ઝરીયા અને મવડી ચોકડી વૃંદાવન સોસાયટીના મયુરસિંહ કનકસિંહ શેલારાને પકડી લઇ રૂા. ૧૨૫૩૦ની રોકડ કબ્જે કરી હતી. ડી. સ્ટાફના એએસઆઇ ખોડુભા જાડેજા, જયદિપભાઇ ધોળકીયા, સંજયભાઇ જાદવ, યશપાલસિંહ જાડેજા, કુશલભાઇ જોષી સહિતે આ દરોડો પાડ્યો હતો. જ્યારે બી-



ડિવીઝન પોલીસે જુના મોરબી રોડ પર ગણેશનગર-૫માં મકાનમાં દરોડો પાડી મકાન માલિક જીતેન્દ્ર ઉર્ફ જીતો પુંજાભાઇ થારૂ, ગણેશનગરના મહેશ દેવજીભાઇ પરમાર, દિપક પુનમભાઇ વિસરીયા અને ગણેશનગરની આરતી દિપકભાઇ વીસરીયાને જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૪૫૬૦ કબ્જે લીધા હતાં. પીએસઆઇ જે. આર. સોલંકી, નરેશભાઇ, વિશ્વજીતસિંહ, વિનોદભાઇ, કોન્સ. રેશ્માબેન, રાજદિપસિંહ સહિતે આ કામગીરી કરી હતી. શ્રાવણ મહિનામાં આ પ્રકારના દરોડા સતત પડતાં રહે છે.

### જન્મદિવસ હોઇ ફોટોસેશન માટે ગઇ હતીઃ પરત આવતી વખતે બનાવ

# ન્યારીડેમ પાસે યુવતિની તેના મિત્રોની હાજરીમાં પજવણીઃ લુખ્ખાને શોધતી પોલીસ

રાજકોટ, તા. ૩૦

શહેરમાં લુખ્ખાગીરી-પજવણીની એક ચોંકાવનારી ઘટના બની છે. જેમાં શહેરના કાલાવડ રોડ પર આવેલા ન્યારી ડેમ પાસે એક યુવતિ મિત્રો સાથે પોતાનો જન્મ દિવસ ઉજવીને પરત ફરી રહી હતી ત્યારે લુખ્ખા શખ્સે તેની સીટી મારી પજવણી કરી કોમેન્ટ કરતાં અને બાદમાં મારામારી કરી જાહેરમાં યુવતિના કપડા ખેંચી નિર્લજ્જ હુમલો કરતાં તાલુકા પોલીસે ઘટનાને ગંભીરતાથી લઇ ગુનો દાખલ કરી આવુ કૃત્ય આચરાનારા આરોપીએ શોધી કાઢવા તપાસ શરૂ છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે રાજકોટમાં રહેતી વીસ વર્ષીય યુવતીની ફરિયાદ પરથી અજાણ્યા સામે બીએનએસ એકટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદી યુવતિનો ગઇકાલે જન્મદિવસ હોઇ તે ઉજવણી કરવા ત્રણ મિત્રો, સખી સાથે અલગ અલગ એકટીવામાં ન્યારી ડેમ ગઇ હતી. ત્યાં ફોટોશુટ કરીને બાદમાં સાંજના છએક વાગ્યે બધા પરત આવી રહ્યા હતાં ત્યારે



ત્યારે તેઓ કાલાવડ રોડ પર ડેકોરા રોડ પાસે પહોંચતા ત્યાં આવેલ એક ગેરેજ પાસે ઉભેલ અજાણ્યાં શખ્સે સીટી મારી હતી.

જેથી યુવતિની સાથે રહેલ યુવકે આ અજાણ્યાં શખ્સ પાસે જઈ કેમ સીટી મારી? તે બાબતે પૂછવા જતા તે શખ્સે ફરીથી યુવતિ માટે બિભત્સ શબ્દોનો ઉપયોગ કર્યો હતો. આ પછી ચારેય મિત્રોએ તેને આવી ભાષામાં વાત ન કરવાનું કહેતાં તે બેફામ ગાળો બોલી વાણી વિલાસ કરવાં લાગ્યો હતો અને મારી છરી ક્યાં છે તેમ કહીં બાજુમાં આવેલ ગેરેજમાંથી ડિસમિસ લઈ આવી માર મારવા લાગ્યો હતો તેમજ નિર્લજ્જ હુમલો કર્યો હતા અને યુવતિના કપડા પણ ખેંચ્યા હતાં. જેથી તે યુવતી પડી ગઇ હતી. આ દરમિયાન સાથે રહેલ તેણીના અન્ય મિત્રોએ પોલીસને જાણ કરતાં પોલીસ આવે તે પહેલાં જ આરોપી નાસી છૂટ્યો હતો. પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરા અને ટીમે આરોપીને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે.

### ઓનલાઇન જીવનસાથી શોધવાના પ્રયાસમાં ભેટો થઇ ગયો લેભાગુ ગઠીયાનો

# વિધવા નર્સનો ન્યુડ વિડીયો રેકોર્ડ કરી બ્લેકમેઈલીંગ કર્યુ

## યુકેના યુવકની પ્રોફાઇલ ધરાવતાં શખ્સે લગ્નની લાલચ દીધી, વિડીયો ઉતાર્યો પછી પોતે ભારત આવે છે કહી મુંબઇમાં એરપોર્ટ પર પકડાઇ ગયાનો ફોન કર્યોઃ પછી વારંવાર રૂપિયા મંગાવ્યાઃ મહિલાએ ના પાડતાં ન્યુડ વિડીયો મોકલી વધુ નાણા માંગ્યા

રાજકોટ, તા. ૩૦

ઓનલાઇન ફ્રોડના કિસ્સાની સાથે સાથે ઓનલાઇન મિત્રતાના કિસ્સામાં પણ લોકો છેતરાઇ જતાં હોય છે. એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેમાં એક વિધવા મહિલાને અજાણી વ્યક્તિ સાથેનો ઓનલાઇન સંપર્ક ભારે પડી ગયો હતો. મિત્રતાથી શરૂઆત થયેલી આ વાત પછી વિડીયો કોલ સુધી પહોંચી હતી. સામેથી ફોન કરનારા ગઠીયા લેભાગુ પર વિશ્વાસ કરી મહિલાએ ઓનલાઇન ન્યુડ થઇને કોલ કર્યો હતો. આ રેકોર્ડિંગને આધારે ગઠીયાએ રૂપિયા પડાવવાનું ચાલુ કર્યુ હતું. મહિલાએ રૂપિયા આપવાનું બંધ કરતાં તેને ન્યુડ વિડીયો મોકલી બ્લેકમેઈલીંગ ચાલુ કરાયું હતું. અંતે વાત પોલીસ સુધી પહોંચી હતી.

લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો અમદાવાદમાં રહેતી એક વિધવાને અજાણી વ્યક્તિ સાથે ઓનલાઈન સંપર્ક કરવો ભારે પડી ગયો છે. અજાણ્યા યુવકે લગ્નની લાલચ આપી યુવતીને વીડિયો કોલ કરી કપડાં કઢાવી નાખ્યાં હતાં અને સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. ત્યાર બાદ પોતાને એરપોર્ટ પર પકડી લીધો હોવાનું કહી યુવતી પાસેથી ટુકડે ટુકડે ૧ લાખ ૬૦ હજાર રૂપિયા પડાવ્યા હતા, પરંતુ યુવતીને શંકા જતાં યુવકને પૈસા આપવાનું બંધ કરી દીધું હતું, જેથી યુવક તરફથી યુવતીનો રેકોર્ડ કરી લેવાયેલો ન્યૂડ વીડિયો મોકલી બ્લેકમેઈલિંગ શરૂ કરાયું હતું. યુવતીએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં સુનીલ અને અજય નામના શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. દરિયાપુર વિસ્તારમાં રહેતી યુવતિએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં સુનીલ અને અજય નામના યુવક વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ કરી છે.

મહિલા તેનાં દસ વર્ષના દીકરા સાથે ભાડાના મકાનમાં રહે છે અને એક હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. નિશાના પતિનું સવા વર્ષ પહેલાં હાર્ટ-એટેકના કારણે મૃત્યુ થયુ હતું. તેણી ફેસબુક સહિતના સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહી છે. પતિના અવસાન બાદ તેણીનાં માતા-પિતાએ તેને બીજા લગ્ન કરી દેવા માટેની વાત કરી હતી, જોકે તેણે ના પાડી દીધી હતી. થોડા સમય બાદ દીકરાનું ભવિષ્ય વિચારીને તેણી બીજા લગ્ન કરવા માટે રાજી થઇ ગઇ હતી. થોડા સમય પહેલાં તેણી ફેસબુક ચેટ કરતી હતી ત્યારે લંડન નામનું પેજ આવ્યું હતું. તેમાં તેણીએ યુ.કે. લંડનનું પેજ પર ક્લિક કરીને જોતાં એમાં એક યુવકનો ફોટોગ્રાસ જોયો હતો.

યુવકની પ્રોફાઇલ ચેક કરતાં તે લંડનમાં ડોક્ટર છે અને તેનાં માતા-પિતા, ભાઇ-બહેન કોઇ નથી એવું લખ્યું હતું. આથી આ વિધવાના મનમાં લાલચ જાગી અને તેણે ચેટ ઓન વ્હોટ્સએપ એપ્લિકેશન પર ક્લિક કર્યું હતું. ક્લિક કરતાંની સાથે જ ફેસબુક પર સુનીલ યુ.કે.નો મેસેજ તેણીને આવ્યો હતો. જેથી તેણીને લાગ્યું કે મેરેજ બ્યૂરોમાંથી મેસેજ આવ્યો છે, જેથી



**બીજા બનાવમાં કિશોરીને સોશિયલ મિડીયાથી ફસાવી ઢગાએ નિર્વસ્ત્ર કરાવી રૂપિયા, દાગીના પડાવ્યાઃ કિશોરીએ ઘરમાં ચોરી કરતાં ભાંડો ફુટ્યો**

તેણે મેસેજ કર્યો હતો. મેસેજ કરતાંની સાથે જ નિશાના મેસેન્જરમાં ઓડિયો મેસેજ આવ્યો હતો ક મેં મિસ્ટર સુનીલ બાત કર રહા હૂં યુ.કે. સે... મેરેજ બ્યૂરો મેં એડ દિયા થા અપની શાદી કે લિયે, આપ અપના વ્હોટ્સએપ નંબર સેન્ડ કરો.

આથી તેણીએ તેનો મોબાઇલ નંબર મેસેન્જરમાં મોકલી દેતાં સુનીલે વ્હોટ્સએપ પર મેસેજ કર્યો હતો. સુનીલે મેસેજ કરતાં મિહિલાને કહ્યું હતું કે ઁતારો સ્વભાવ મને ગમે છે, હું તારી સાથે લગ્ન કરવા માગું છું઼. બાદમાં આ મહિલા અને સુનીલ અવારનવાર ઓડિયો કોલથી એકબીજા સાથે વાતચીત કરતાં હતાં. થોડા દિવસ પહેલાં મહિલાના મોબાઇલ પર સુનીલનો વીડિયો કોલ આવ્યો હતો. મહિલાએ વીડિયો કોલ ઉપાડતાં સુનીલનો ચહેરો દેખાયો નહીં. એના કારણે તેણે સવાલ પૂછ્યો હતો. સુનીલે મહિલાને જણાવ્યું કે તારા મોબાઇલમાં વીપીએન સેટ થયું નથી, જેના કાણે મારો ચહેરો તને નહીં દેખાય. મીઠી મીઠી વાતો કરીને મહિલાને કહ્યું કે ઁમારે તારી સાથે લગ્ન કરવાના છે, તો તું મને તારા શરીરનાં કપડાં કાઢીને બતાવ.

સુનીલની વાત સાંભળતાં મહિલાએ કપડાં ઉતારવાની ના પાડી દીધી હતી. નિશાને લગ્ન કરવાની લાલચ આપીને તેનો વિશ્વાસ જીત્યો હતો અને બાદમાં કપડાં ઉતારવા પર મજબૂર કરી હતી. મહિલાએ કપડાં કાઢી લીધા બાદ સુનીલે જણાવ્યું હતું કે હું આવતીકાલે ભારત આવું છું અને પછી આપણે બન્ને મળી રહ્યાં છીએ. બીજા દિવસે મહિલા પોતાના ઘરે હતી ત્યારે તેના મોબાઇલ પર એક વ્યકિતનો ફોન આવ્યો હતો. ફોન કરનારે મહિલાને જણાવ્યું હતું કે ઁમેં મુંબઇ છત્રપતિ શિવાજી એરપોર્ટસે ઇન્સ્પેક્ટર અજયકુમાર બોલ રહા હૂં, ઔર યહ સુનીલભાઇ આપ કે ક્યા લગતે હૈં, ઉનકે પાસ યહા આનેકી પરમિટ નહિ હૈં, ઇસલિયે ઉનકો યહા એરપોર્ટ પર પકડ લીયા હૈં, આપ ઉનસે બાત કીજીએઁ. અજયકુમારે સુનીલ સાથે વાત કરાવતાં તેણે મહિલાને કહ્યું, પરમિટની પેનલ્ટી માટે ૨૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કરી આપ, મારી પાસે ફોરેનની કરન્સી છે અને ઇન્ડિયાની કરન્સી મારી પાસે નથીઁ. સુનીલ પર વિશ્વાસ કરીને નિશાએ તેને ૨૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા.

ત્યાર બાદ અજયકુમાર અને સુનીલે મહિલાને ફોન કરીને કહ્યું કે બિઝનેસ કાર્ડ બનાવવા માટે ટેક્સના ૫૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવા પડશે, નહીં તો સુનીલને જેલમાં મૂકવામાં આવશેઁ. મહિલાએ ફરીથી ૫૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. યેન કેન પ્રકારે સુનીલ અને અજયે નિશા પાસેથી ૧ લાખ ૬૦ હજાર રૂપિયા પડાવી લીધા હતા. આ પછી આ વિધવાને શંકા જતાં તેણે રૂપિયા મોકલવાનો ઇનકાર કરી દીધો હતો, જેથી સુનીલે તેના મોબાઇલ પર તેનો ન્યૂડ વીડિયો મોકલીને ૫૦ હજાર રૂપિયા માગ્યા હતા. આથી તેણી ગભરાઇ ગઇ હતી અને અંતે પોલીસ ફરિયાદ કરી છે. પોલીસે સુનીલ અને અજય નામના બે શખસ વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

આવા અન્ય એક બનાવમાં સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતી કિશોરીને સોશિયલ મીડિયામાં ફસાવી લસકાણાના યુવકે નિર્વસ્ત્ર કરાવી બ્લેકમેલ કરવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. યુવકે વીડિયો કોલમાં નિર્વસ્ત્ર કિશોરીના સ્ક્રીનશોટ લઇ વાઇરલ કરવાની ધમકી આપી કિશોરી પાસેથી ૯૩,૦૦૦ રોકડા તથા સોનાના દાગીના પડાવી લીધા હતા, જોકે કિશોરીએ ઘરમાં જ ચોરી કરતાં ભાંડો ફૂટ્યો ને આખી હકીકત પરિવારજનોને જણાવી તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવતાં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

### દારૂબંધી ધરાવતાં રાજ્યમાં ઠેકઠેકાણે પીવાય છે અને વેંચાય છેઃ દારૂનો દૈત્ય વધુ એક પરિવારનો માળો વિખેરી ગયો

# બેફામ દારૂ ઢીંચ્યા બાદ દીપકે ઝેર પી લેતાં જીવ ગયો

## ત્રણ સંતાનોએ બાપની છત્રછાંયા ગુમાવીઃ બીજી ઘટનામાં એક વૃદ્ધ વેપારીએ આર્થિક ભીંસથી કંટાળી જઇ દુનિયાથી છેડો ફાડી લીધો

રાજકોટ તા. ૩૦

દારૂબંધી ધરાવતાં ગુજરાત રાજ્યમાં ઠેકઠેકાણે દારૂ વેંચાય છે અને પીવાય છે. સામે પકડાય પણ છે. જો કે દારૂના અમુક બંધાણીઓ, નશેડીઓ ઘણીવાર એટલો નશો કરતાં હોય છે કે પછી ભાન ભુલી ન કરવાનું કરતાં હોય છે. વધુ એક આવો લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક નશાખોરે દારૂ પીધા બાદ માથે ઝેરી દવા પી લેતાં તેનું મોત થઇ ગયું હતું. તેનો આ અખતરો જીવલેણ બની ગયો હતો. તેના કારણે ત્રણ સંતાને બાપની છત્રછાંયા ગુમાવી દીધી હતી. અપમૃત્યુના અન્ય એક બનાવમાં એક વૃધ્ધે આર્થિક ભીંસને કારણે આપઘાત કરી લીધો હતો. એક યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી હતી. તો ચોથા બનાવમાં મંદિરમાં બેશુધ્ધ થઇ જતાં એક વૃધ્ધની જિંદગીનો અંત આવી ગયો હતો.

દારૂનો નશો કરીને પત્નિને મારકુટ કરી લીધા બાદ પસ્તાવો થતાં પતિએ આપઘાત કરી લીધાની ઘટના હજુ તાજી જ છે ત્યાં વધુ એક આવી ઘટનામાં દારૂનો દૈત્ય એક પરિવારનો માળો વેરવિખેર કરવામાં નિમીત બન્યો છે. વિગતો પર નજર કરીએ તો એક મજૂર યુવાન ચિક્કાર દારૂ પીધા બાદ ભાન ભુલી જતાં ઝેરી દવા પી ગયો હતો. આ કારણે તેનો જીવ નીકળી ગયો હતો. ઘટના ગોંડલના બંધીયા ગામે બની છે. અહિ આવેલી રાજેશભાઇની વાડી પાસે રહી ખેત મજૂરી કરતો ચોવીસ વર્ષનો દિપકભાઇ કૈલાસભાઇ મુલેવા નામનો યુવાને વાડીએ હતો ત્યારે ઝેરી દવા પી જતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવાર કારગત ન નીવડતાં જિંદગી ખતમ થઇ ગઇ હતી.

આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, પરેશભાઇ, ધર્મેશભાઇ, અને ધર્મેન્દ્રભાઇએ ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર દિપકભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. તે ભાઇ, પત્નિ, બાળકો સાથે એકાદ મહિનાથી બંધીયા ગામે ખેત મજૂરી કરતો હતો. તેના ભાઇના કહેવા મુજબ દિપકને દારૂ પીવાની આદત હોઇ ગઇકાલે ચિક્કાર દારૂ પી ગયા પછી ભાન ભુલી ગયો હતો અને ઝેરી દવા માથે પી લીધી હતી. મૃતદેહને અંતિમવિધી માટે વતન મધ્યપ્રદેશ લઇ જવામાં આવ્યો હતો. આમ દારૂનો દૈત્ય વધુ એક વખત એક પરિવાર માટે જીવલેણ સાબિત થયો હતો.



### યુવાનને વાહન અકસ્માતની ઘાત નડીઃ મોટરસાઇકલ સ્લીપ થયું અને જિંદગી ખતમઃ મંદિરમાં ઢળી પડ્યા બાદ વૃધ્ધનું થયું મોત

બીજા અપમૃત્યુના બનાવમાં એક વૃધ્ધે આર્થિક સંકડામણમાં આવી જવાને કારણે તેમણે આપઘાત કરી લીધો હતો. કાલાવડ રોડ પર વૃંદાવન સોસાયટીમાં રહેતાં વૃધ્ધ ઝેર પી જતાં સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.ભાઇચંદભાઇ મુકુંદલાલ પંડ્યા નામના સિત્તેર વર્ષના વૃધ્ધે ઘરે ઝેરી ટીકડીઓ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવારને અંતે તેમનું મૃત્યુ થતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેશભાઇ, ધર્મેન્દ્રભાઇ અને પરેશભાઇએ તાલુકા પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આત્મહત્યા કરનારા ભાઇચંદભાઇ ત્રણ ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં. તેમને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે.

વધુ માહિતી આપતાં સગા સ્વજનના જણાવ્યા મુજબ ભાઇચંદભાઇ કપડા લે-વેંચનો વેપારધંધો કરતાં હતાં. આ કામ માટે તેમણે બે પર્સનલ લોન લીધી હતી. બાદમાં તેમને બ્રેઇન સ્ટ્રોક આવતાં અને પાંસળીમાં પણ ઇજા થતાં તેઓ પથારીવશ થઇ ગયા હતાં. આ કારણે વેપારધંધો કરી ન શકતાં આર્થિક ભીંસમાં આવી ગયા હતાં અને લોનના હપ્તા પણ ચડત થઇ ગયા હોઇ ચિંતાને કારણે તેમણે આ પગલુ ભરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

ત્રીજી ઘટનામાં યુવાન માટે વાહન અકસ્માતની ઘાત જીવલેણ નીવડી હતી. પડધરીના ખામટા નજીક બાઇક સ્લીપ થઇ જતાં ચાલક મવડીના યુવાનનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. તે ફઇના ઘરે પ્રસંગમાં હાજરી આપી પરત રાજકોટ આવી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.મવડીમાં રહેતો અઠ્ઠાવીસ વર્ષનો વિક્રાંતભાઇ કિશોરભાઇ તળપદા પીઠડીયા ગામે રહેતાં ફઇના ઘરે પ્રસંગમાં હાજરી આપવા ગયા હતો. બાદમાં ત્યાંથી બાઇક હંકારી રાજકોટ આવવા નીકળ્યો ત્યારે પડધરીના ખામટા પાસે આશાપુરા હોટલ નજીક પહોંચ્યો ત્યારે બાઇક સ્લીપ થઇ જતાં ફંગોળાઇ જવાથી ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિક્રાંતભાઇ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે છુટક મજૂરી કરતો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરી હતી.

ચોથા બનાવની વિગતો જોઇએ તો કોઠારીયા રણુજા મંદિર અંદર એક આશરે ૬૦ વર્ષના વૃધ્ધ ૨૭મીએ બપોરે એકાદ વાગ્યે એકાએક બેભાન થઇ જતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હાર્ટએટેકથી મૃત્યુ થયાની શક્યતા છે. તસ્વીરમાં દેખાતા મૃતકની ઓળખ થઇ શકી નથી. પીએસઆઇ આર. એમ. સાખરા વધુ તપાસ ચલાવી રહ્યા છે. તેમના કોઇ વાલીવારસ હોય તો વઆજીડેમ પોલીસનો મો. ૭૪૩૩૮ ૧૪૮૦૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

### માલવીયાનગર પોલીસે ભેદ ઉકેલી રીઢા ગુનેગારને પકડ્યો

# ૩૨ ગુનાઓમાં સામેલ ભૂરી ઉર્ફે મામાએ ચોર્યા'તા મજૂરોના ૩ મોબાઇલ

રાજકોટ, તા. ૩૦

રીઢા ગુનેગારની છાપ ધરાવતો અને મોટે ભાગે મંદિરોમાં જ ચોરીઓ કરવાની ટેવ ધરાવતો શખ્સ હવે ગમે ત્યાં ઘુસી મોબાઇલ ફોન ચોરતો થઇ ગયો છે. મવડી પ્લોટ અશોક ગાર્ડન પાસે મણીનગર રોડ પર પિતૃકૃપા કારખાનાની બે ઓરડીઓમાંથી ૪૦૫૦૦ના ત્રણ મોબાઇલ ફોનની ચોરી થઇ હતી. આ અંગે પરપ્રાંતિય મજૂરની ફરિયાદ નોંધાઇ હતી. દરમિયાન માલવીયાનગર પોલીસે આ ભેદ ઉકેલી રીઢા ગુનેગારની છાપ ધરાવતાં સત્યાવીસ વર્ષના મેહુલ ઉર્ફ ભૂરી ઉર્ફ મામો ધનજીભાઇ જેઠવાને ઝડપી લીધો છે. આ શખ્સ કૈલાસનગર-૨, ચામુંડા નિવાસ, નવલનગર-૯ના છેડે રહે છે. ચોરીનો ભેદ ઉકેલાવ ટીમ કામે લાગી હતી એ દરમિયાન હેડકોન્સ. ચિત્રકેતુસિંહ જાલા, કોન્સ. મનિષભાઇ સોઢીયા અને જયદિપસિંહ ભટ્ટીની બાતમી પરથી મેહુલ ઉર્ફ ભૂરી ઉર્ફ મામોને મણીનગર રોડ અશોક ટૂલ્સ સામે એક બાકડા પર બેઠેલો પકડી લીધો હતો.



આ શખ્સે જ મોબાઇલ ફોન ચોર્યાની પાક્કી માહિતી હોઇ પુછતાછ કરતાં ગલા તલ્લા કર્યા બાદ ચોરી કબુલી હતી. તેની પાસેથી ઓપો, વીવો, રીયલમી કંપનીના ત્રણ મોબાઇલ કબ્જે કરાયા છે. આ શખ્સ વર્ષ ૨૦૧૫થી ગુના આચરી રહ્યો છે. મોટે ભાગે મંદિરોમાં ચોરીઓ કરવાની તે આદત ધરાવે છે. એક વખત જૈન મંદિરમાં પૂજારી પર હુમલો કરી લૂંટ પણ કરી હતી. રાજકોટના માલવીયાનગર, એ-ડિવીઝન, ભક્તિનગર, તાલુકા પોલીસ સ્ટેશન, યુનિવર્સિટી, આજીડેમ, ગાંધીગ્રામ, ધારી પોલીસ સ્ટેશનમાં તેના વિરૂધ્ધ અત્યાર સુધીમાં ૩૨ ગુના નોંધાયા છે. પાસાની હવા પણ તે ખાઇ ચુક્યો છે. ચોરી, મારમારી, લૂંટ સહિતના ગુનાઓ તેમાં સામેલ છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરીની રાહબરીમાં પોલીસ ઇન્સ. જે. આર. દેસાઇ, પીએસઆઇ એમ. જે. ધાધલ, એએસઆઇ હીરેનભાઇ પરમાર, કેતનભાઇ શેખલીયા, હેડકોન્સ. અજયભાઇ વિકમા, ચિત્રકેતુસિંહ, કોન્સ. મનિષભાઇ, ભાવેશભાઇ, જયદિપસિંહ, અમરદિપસિંહે આ કામગીરી કરી હતી. આ શખ્સની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી છે.

# લોકમેળામાં નખાશે અંડરગ્રાઉન્ડ કેબલ

## બાકી રહી ગયેલા પ્લોટ માટે આજ સુધી ફોર્મ ભરવાની લંબાવી મુદત

રાજકોટ, તા. ૩૦

લોકમેળાના આયોજનને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે રેસકોર્સ મેદાન ખાતે આયોજિત થનારા આ લોકમેળો તારીખ ૧૪ થી ૧૮ ઓગસ્ટ સુધી યોજાશે ત્યારે હાલ આ લોકમેળામાં બાકી રહી ગયેલા સ્ટોલ તથા જે પ્લોટ મેળવવા માટેની મુદતમાં બે દિવસનો વધારો કરવામાં આવેલુ હોવાનું જાણવા મળ્યું છે. એટલું જ નહીં વિવિધ કેટેગરી હસ્તકના પ્લોટ માટેના ડ્રો માટે નવા ફોર્મ ભરવા ઈચ્છુક લોકો તથા અગાઉ ફોર્મ પરત કરવા રહી ગયા હોય તેઓએ કચેરી ખાતેથી ફોર્મ મેળવી ભરીને પરત કરવાના રહેશે. ઉપરોકત કેટેગરીમાં વહીવટી અનુકુળતા મુજબ ફેરફાર કરી શકાશે, તેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવા લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટશહેર-૧ની યાદીમાં જણાવાયું છે.



લોકમેળા સમિતિ દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તે મુજબ એ વાત તો સ્પષ્ટ છે કે આ વખતનો લોકમેળો ઘણા ખરા અંશે અલગ હશે અને સલામતીની દ્રષ્ટિએ પણ ભૂતકાળ થી અલગ હશે. ગત વર્ષે પણ અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની વાત કરવામાં આવી હતી પરંતુ આ વખતે ખાસ પીજીવીસીએલને આ બાબતે સૂચિત કરી દેવામાં આવ્યું છે અને અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આગામી દિવસોને ધ્યાને લઈ હાલ અત્યારથી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું પણ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે.

રાજકોટમાં યોજાનાર લોકમેળાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, ખાસ કરી આ વખતે લોકમેળામાં લોકમેળામાં અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવશે તેમજ રાજકોટ જિલ્લા વહીવટી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે, દિન દયાળ, જંકશન અને ટેક્સટાઇલ સબસ્ટેશનોમાંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે, જેથી મેળાના સ્ટોલ, યાંત્રિક રાઈડ્સ, લાઈટિંગ અને અન્ય સુવિધાઓને પૂરતી વીજળી મળી રહે.કલેકટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે મેળામાં વીજ સપ્લાય માટે કુલ ૯૦ કિલોવોલ્ટના ૧૭ કનેક્શન આપવામાં આવશે, ૫ કિલોવોલ્ટના ૧૦ થી ૧૫ કનેક્શન અને ૫૦ કિલોવોલ્ટનું ૧ કનેક્શન તૈનાત કરવામાં આવશે. આ વિશાળ વીજ માળખું મેળાની ભવ્યતા અને જરૂરિયાતને પહોંચી વળવા માટે સક્ષમ હશે. ૧૭ જેટલા ટ્રાન્સફોર્મર પણ લગાવવામાં આવશે.વીજળી સંબંધિત કોઈપણ આકસ્મિક સમસ્યા જેવી કે લાઈટ ગુલ થવી કે અન્ય ઈમરજન્સી ઘટનાઓ માટે, પોલીસ હેડક્વાર્ટર ગેટ પાસે PGVCL નો કંટ્રોલ રૂમ રાખવામાં આવશે. આ કંટ્રોલ રૂમમાં PGVCLના HT2 ડિવિઝન, બેડીનાકા અને અન્ય સબડિવિઝનમાંથી ૧૦૦થી વધુ કર્મીઓ તૈનાત રહેશે.

### કુવાડવા રોડ પર રહેતાં રોહિત રોરીયાએ એવી માયાજાળ ફેલાવી કે ગામોગામના લોકો લેપટાઇ ગયા

# નફો મેળવવા જતાં પચાસ જણાએ ગુમાવ્યા ૪ાા કરોડ

## રોલકાણ કરનારને શરૂઆતમાં નફો આપી દેતો જેથી વિશ્વાસ ઉભો થતો પછી બાટલીમાં પુરી લેતોઃ યુનિવર્સિટી પોલીસે શોધી કાઢવા શરૂ કરી મહેનત

રાજકોટ, તા. ૩૦

રોકાણના નામે અલગ અલગ લોભામણી લાલચમાં આવી જઇ લોકો લાખો કરોડો રૂપિયા ગુમાવી દેતાં હોય છે. રાજકોટમાં વધુ એકાવન લોકોને આઇપીઓમાં રોકાણ કરવાથી વધુ વળતર મળશે તેવી લાલચ આપી અધધધ ચાર કરોડ છેતાલીસ લાખથી વધુની છેતરપીંડી કરવામાં આવી છે. કુવાડવા રોડના શીવપરામાં રહેતો શખ્સ આ બધાનું ફુલેકૂ ફેરવી છૂમતર થઇ જતાં રોકાણકારોએ યુનિવર્સિટી પોલીસની મદદ લીધી છે. પોલીસે ફ્રોડની એફઆઇઆર નોંધી ગઠીયાગીરી કરી ભાગી ગયેલા શખ્સને શોધી કાઢવા તપાસ આરંભી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં આ બનાવમાં રૈયા રોડ રામેશ્વર પાર્ક-૧ પહેલી બંધ ગલી રામેશ્વર હોલ પાસે રહેતાં કલ્પેશભાઇ દિનેશભાઇ બુસા નામના તેતાલીસ વર્ષના વેપારીની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે કુવાડવા રોડ જુના જકાતનાકા પાસે શિવપરામાં રહેતાં રોહિત રમેશભાઇ રોરીયા વિરૂધ્ધ આઇપીઓ ભરવાના બહાને રોકાણ કરવા લલચાવી કલ્પેશભાઇ સહિતની સાથે છેતરપીંડી કરવાનો ગુનો નોંધ્યો છે. છેતરાયેલાઓમાં રાજકોટ ઉપરાંત ઓડીસા, અમદાવાદ, મુંબઇ, જામનગર, ગોંડલ, બોટાદ, નારણકા, જુનાગઢના લોકોનો પણ સમાવેશ થાય છે. વધુ માહિતી અનુસાર કલ્પેશભાઇ બુસા પરિવાર સાથે રહે છે અને કિચનવેર એપ્લાયન્સીસનું ટ્રેડીંગ કરે છે. તેણે જણાવ્યું છે કે મારો પરિચય મારા મિત્ર કૌશિક હર્ષદરાય સોનેજી મારફત શિવપરાના રોહિત રોરીયા સાથે થયો હતો. તેની સાથે ફોન પર વાત થઇ ત્યારે તેણે આઇપીઓ ભરવા અને રોકાણ કરવા તેમજ આ રોકાણ પર ઉંચુ વળતર મળશે તેમ વાત કરી વિશ્વાસ આપ્યો હતો.

ત્યારબાદ મારા ઘર પાસે મેં રોહિત સાથે ૬/૫/૨૪ના રોજ મેં તેની સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. આ પછી મેં તેને ૪૮૫૦૦ નેટબેંકીંગની આપ્યા હતાં. એ પછી ફરી ૨૦૨૫૦ આપ્યા હતાં. આ રોકાણ સામે તેણે મને ૮૦૫૦૦ મુળ રકમ અને નફા સાથે પાછા આપ્યા હતાં. આથી મને તેના પર વિશ્વાસ બેસી ગયો હતો. ત્યારબાદ મેં કુલ ૧૫,૨૧,૨૫૦ તેને રોકાણ માટે આપ્યા હતાં. તેની સામે તેણે મને ૧૪,૫૨,૦૦૦ બેંક મારફત પરત આપ્યા હતાં. તે સિવાયના મુળ રકમ જમા કરેલ તેના ૧૨,૩૩,૨૫૦ હજુ સુધી આપયા નથી. તેમજ નફાની રકમ પણ આપી નથી. મારા પત્નિ કવિતા બુસાના નામે પણ મેં ૧૨,૦૫,૦૦૦ જમા કરાવેલ તેમાંથી ૪,૭૨,૨૦૦ હજુ આપ્યા નથી.

દરમિયાન આ વર્ષના ફેબ્રુઆરી માસથી રોહિત રોરીયા સંપર્કવિહોણો થઇ ગયો હતો. તેનો ફોન પણ રિસીવ થતો ન હોઇ મારા મિત્ર




કૌશિક સોનેજીને વાત કરતાં તેણે કહેલું કે રોહિત તમારા, મારા જેવા અનેક લોકોને આ રીતે આઇપીઓ ભરવાના નામે રોકાણ કરવા લલચાવી શરૂઆતમાં નફો આપી બાદમાં પૈસા પાછા આપ્યા વગર ગૂમ થઇ ગયો છે. રોહિત રોકાણ કરાવતી વખતે વ્હોટ્સએપથી મેસેજ કરતો અને તેમાં જ કોલ કરી વાત કરતો હતો. તપાસ કરતાં તે અનેક લોકોની રકમ લઇ નાશી ગયાની ખબર પડી હતી. બીજા જે ૪૮ રોકાણકારોએ નાણા ગુમાવ્યા છે તેમાં રાજકોટના વિમલ રામાણીના ૧૪,૨૮,૫૭૫, ધ્વની વિમલ રવજીભાઇ રામાણીના ૨૪,૭૬,૭૫૦, યશ્વી વિમલ રામાણીના ૧૫,૬૦,૦૦૦, ચિરાગ મનહરલાલ છાટબારના ૫,૮૨,૫૦૦, ભાવીનીબેન ચંદ્રકાંતભાઇ સોનેજીના ૩,૪૮,૭૫૦, દર્શન કાળુભાઇ ચુડાસમાના ૫,૧૬,૦૦૦, ધવલ મનસુખલાલ મહેતાના ૪,૭૬,૦૦૦ રૂપિયા ગુમાવ્યા છે.

તેમજ મહેશ નાનાલાલ મહેતાના ૯૪૦૦૦, વિમેશ પ્રવિણચંદ્ર શાહના ૩,૬૯,૮૭૫, ધર્મિષ્ઠાબેન વિમેશ શાહના ૧,૦૪,૫૦૦, નવીનભાઇ જમનાદાસ વાગડીયાના ૯,૬૮,૦૦૦, કુમારભાઇ કિરનભાઇ બોસમીયાના ૧૩,૬૫,૦૦૦, દલસુખભાઇ પરબતભાઇ ગોંડલીયાના ૧૭,૨૬,૦૦૦, આકાશ ભરતભાઇ ચિત્રોડાના ૩૮૧૨૫, શ્વેતા વિવેક જેઠવાના ૬,૦૪,૫૦૦, નિતીન શિવકુમાર પાંડેના ૩,૫૩,૨૫૩ના રૂપિયા ગયા છે. આ ઉપરાંત રાજવીબેન વિરેનભાઇ કાલાવડીયાના ૧,૪૭,૫૦૦, અંકિત દલસુખભાઇ ગોંડલીયાના ૭,૬૭,૯૯૯, રિન્કલ હર્ષદભાઇ મેરના ૧,૧૧,૮૭૫, જીજ્ઞેશ દિલીપભાઇ સોનેજીના ૬,૩૪,૯૦૦, ઓરીસ્સાના એમ.પ્રસાદના ૧,૨૮,૬૮૭, મહેશ કિશોરભાઇ જાદવના ૧૦,૧૬,૦૦૦, પરેશ રામજીભાઇ માવાણીના ૩,૧૬,૭૪૯, અમદાવાદના અલ્પેશ કૈલાસભાઇ આતકરીના ૪૭,૭૧,૫૩૫, અમદાવાદના શ્વેતાબેન રૂતુલભાઇ શાહના ૫૩,૪૪,૫૦૦, અમદાવાદના મુકેશ ગોવિંદભાઇ ભાલાળાના ૧૧,૦૨,૨૫૦, અમદાવાદના મનિષાબેન મુકેશભાઇ ભાલાળાના ૧૪,૦૧,૫૦૦ ગુમાવ્યા છે.

આ ઉપરાંત છેતરાયેલા લોકોમાં અમદાવાદના હેમાક્ષીબેન જીજ્ઞેશભાઇ શાહના ૨૬,૧૧૫૪૦, દેવ જીજ્ઞેશભાઇ શાહના ૧,૧૩,૨૯૦, જીનલ જીજ્ઞેશભાઇ શાહના ૪,૨૯,૦૭૫, મુકેશ જયંતિલાલ શાહના ૭,૫૮,૫૦૦, તરૂણભાઇ હસમુખભાઇ શાહના ૫૮૦૦૦, મિશીત તરૂણભાઇના ૧,૬૭,૫૦૦, મુંબઇના તનય અશ્વનીભાઇ શાહના ૫,૭૦,૮૦૦, મુંબઇના અશ્વિનભાઇ વિરચંદભાઇ શાહના ૩,૯૦,૦૦૦, અમદાવાદના દક્ષેશ અરવિંદભાઇ મણીયારના ૧,૪૫,૦૦૦, ચિંતન ઘનશ્યામભાઇ પટેલના ૭,૦૨,૭૫૦, ગૌતમ લાલજીભાઇ કાસુન્દ્રાના ૩,૧૬,૭૫૦, જામનગરના પાયલબેન ધનવંતરાય વાલેરાના ૩૧,૧૬,૬૨૫, ગોંડલના હિમાંશુ રાજેન્દ્રભાઇ જાદવના ૯૭,૫૦૦, કોટડાસાંગાણી નારણકાના દિપક કલાભાઇ વાવડીયાના ૧,૨૭,૩૭૫, બોટાદના હરકિશનભાઇ મધુકરભાઇ ગરાચના ૨૭,૮૦,૬૨૫, રાજકોટના રણજીતભાઇ શક્તિદાન ગઢવીના ૫,૦૫,૦૦૦, ગિરીશભાઇ નટવરલાલ કોટકના ૨,૨૪,૭૫૦, વીણાબેન ગિરીશભાઇના ૨,૨૩,૭૫૦ ગયા છે અને ભીમશીભાઇ નથુભાઇ ચંદ્રાવાડીયાએ ૩,૭૮,૦૦૦ ગુમાવ્યા છે. આ રીતે રોહિત રોરીયા કુલ ૪,૪૬,૮૫,૦૨૮ની રોકડ આઇપઓમાં રોકાણના નામે ઉપરોક્ત લોકો પાસેથી એકઠી કરી ગાયબ થઇ ગયો છે. એએસઆઇ બી. આર. વસાણીએ ગુનો દાખલ કરતાં ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલે ફુલેકાબાજને શોધી કાઢવા તપાસ આરંભી છે.

### ગઠીયાગીરીની રોજ ઉઠીને સામે આવે છે નવી ઘટનાઃ વધુ બે કિસ્સા ચડ્યા પોલીસ ચોપડે

# કોન્ટ્રાક્ટના નામે યુવાનને લગાવાયો સવા કરોડનો ચૂનો

### બીજા બનાવમાં વર્ક ફ્રોમ હોમ થકી કમાણીની લાલચ આપી મહિલાના ઉસેડી લેવાયા સવાત્રણ લાખ

રાજકોટ તા. ૩૦

ગામને ગમે તેમ કરીને છેતરી લેવાની ઘટનાઓમાં વધુ કેટલાક બનાવનો ઉમેરો થઇ ગયો છે. એક કિસ્સામાં ઓએનજીસીના કોન્ટ્રાક્ટના નામે એક કરોડ અઠ્યાવીસ લાખની ઠગાઇ થઇ છે. બીજી તરફ વર્ક ફ્રોમ હોમના નામે લાલચ આપી મહિલા સાથે છેતરપીંડી કરવામાં આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં એક યુવક સાથે ૧.૨૮ કરોડની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. હરેશભાઈ જગાભાઈ વાઘ નામના યુવક સાથે બ્ફ્ગ્દ કંપનીના કોન્ટ્રાક્ટના નામે આ છેતરપિંડી કરવામાં આવી છે. આરોપીઓ પ્રદીપકુમાર શિવકુમાર અને ઓએનજીસી કંપનીના કથિત અધિકારી કૃષ્ણા તિવારીએ હરેશભાઈ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. તેઓએ ફોન અને મેસેજ દ્વારા પણ સંપર્કમાં રહી વિશ્વાસ કેળવ્યો હતો. આરોપીઓએ હરેશભાઈને પીપાવાવ પોર્ટ ફોરવે રોડ પર આવેલ જય ભવાની એન્ટર-ઈઝ નામના ગોડાઉનને ઓએનજીસી કંપની દિલ્હીને ૪૫ લાખના માસિક ભાડાથી પંદર વર્ષ સુધી કોન્ટ્રાક્ટ આપવાનું વચન આપ્યું હતું. આ વચનના આધારે હરેશભાઈ પાસેથી ૧.૨૮ કરોડ રૂપિયા આંગડિયા પેઢી મારફતે રોકડા લઈ લીધા હતા.

છેતરપિંડીનો ભાગ રૂપે આરોપીઓએ ઓએનજીસી મુંબઇના નામની ખોટી ઈમેલ આઈડી બનાવી હતી. આ ઈમેલ આઈડી પરથી હરેશભાઈને એગ્રીમેન્ટ લેટર અને રદ થયેલા ટેન્ડરના ખોટા દસ્તાવેજો મોકલ્યા હતા. આ મામલે હરેશભાઈએ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ અલગ-અલગ સ્થળોએ તપાસ કરી રહી છે અને બેઠકો યોજી આ કેસની વિવિધ દિશાઓમાં તપાસ કરી રહી છે. ૧.૨૮ કરોડની આ છેતરપિંડીની ફરિયાદથી પોલીસ પણ ચોંકી ઉઠી છે અને હવે આરોપીઓને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.



સોશિયલ મીડિયાથી અજાણ્યાઓ પર ભરસો કરવાનું ભારે પડ્યુંવર્ક ફ્રોમ હોમની લ્હાયમાં અમરોલીની મહિલાએ રૂપિયા ૩.૨૧ લાખ ગુમાવ્યા

બીજા બનાવમાં સુરતના મહિલા છેતરાઇ ગયા છે. સોશિયલ મીડિયા પર વર્ક ફ્રર્મ હોમ કરીને પૈસા કમાવાની જાહેરાત જોઇ સંપર્ક કરનાર અમરોલીને મહિલાને ભટકાઇ ગયેલા ગઠીયાએ ટાસ્ક પૂરા કરીને પૈસા કમાવવાની લાલચ આપીને રૂ. ૩.૨૧ લાખ પડાવી લઇ છેતરપિંડી કર્યાની ફરિયાદ અમરોલી પોલીસમાં દાખલ થઇ છે. બનાવની પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ અમરોલી કોસાડ ગામ ખાતે આવેલા બાવળ ફળીયુમાં રહેતા સનીભાઇ મહેન્દ્રભાઇ પટેલ ટેક્ષટાઇલમાં નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરે છે. સનીભાઇની પત્ની હેમાંગીનીબેન સોશિયલ મીડિયામાં જોતા હતા ત્યારે તેમણે વર્ક ફ્રોમ હોમ કરી પૈસા કમાવવાની જાહેરાત જોઇ હતી.

જેથી હેમાંગીનીબેને આપેલા નંબર પર સંપર્ક કરતા ગઠીયાઓએ તેમને એક લીંક મોકલી હતી. આ લીંક પર હેમાંગીનીબેન પાસે રજીસ્ટ્રેશન કરાવીને એકાઉન્ટ ખોલાવ્યું હતું. -થમ ગઠીયાએ હેમાંગીનીબેનેને ટાસ્ક પુર્ણ કરાવીને રૂ. ૧૮૦, ૨૦૦, ૧૦૧૪, ૩૯૦૦, ૧૩૫૦ અને ૧૦૦૦૦ મળી કુલ રૂ.૧૬૬૭૦ આપ્યા હતા. ગઠીયાઓએ હેમાંગીનીબેને અલગ અલગ ટાસ્ક આપીને ટાક્સ પૂર્ણ થયા નથી તેવા બહાના બનાવીને ટુકડે ટુકડે રૂ.૨,૯૬,૮૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. મહિલાએ પોતાના એકાઉન્ટમાં રહેલા પૈસા પડાવા માટેની વાત કરતા ગઠીયાએ ચીફ ઓફિસર સાથે વાત કરવાનું કહ્યું હતું અને બાદમાં રૂ.૧૦ હજાર ઉપાડવા દઇને તેમનું ખાતુ ફ્રીઝ કરી દીધું હતું. ત્યારબાદ ગઠીયાઓએ તેણીના ખાતામાં રૂ.૪૦ હજારની જેમ્બો લોન કરાવી હતી. આ જ સમયે તેણીને ખ્યાલ આવતા તેણે રૂ.૪૧ હજાર ઉપાડી લીધા હતા. જ્યારે તેણીના નીકળતા રૂ.૩,૨૧,૮૦૦ ઉપાડવા દીધા ન હતા અને સંપર્ક કાપી નાખ્યો હતો. બનાવ અંગે હેમાંગીનીબેને અમરોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ ગઠીયાઓએ એક કિસ્સામાં સવા કરોડ અને બીજામાં સવા ત્રણ લાખની ઠગાઇ કરી નાંખી હતી.

---

નડતરરૂપ રિક્ષા સાઇડમાં લેવાનું કહેતાં માથાકુટ કરી જતો રહ્યો સાંજે દારૂ ઢીંચી હિમ્મત એકઠી કરી ફરી આવ્યોઃ અહિ મને કેમ રિક્ષા રાખવા દેતા નથી કહી ધમાલ મચાવીઃ તાલુકા પોલીસે કરી ધરપકડ

# દારૂડીયા રિક્ષાચાલકે ટ્રાફિક જમાદાર-વોર્ડનને દીધી ગાળો

રાજકોટ તા. ૩૦

શહેરમાં અમુક રિક્ષાચાલકો સરેઆમ લુખ્ખાગીરી, દાદાગીરી પર ઉતરી આવતાં હોય છે. આવા જ એક બનાવમાં એક રિક્ષાચાલકને તે કેકેવી ચોકમાં ટ્રાફિકને નડતરરૂપ રિક્ષા રાખીને ઉભો હોઇ તેને ટ્રાફિક શાખાના જમાદારે સાઇડમાં જવાનું કહેતાં ઝઘડો કરી જતો રહ્યો હતો અને સાંજે દારૂ ઢીંચી હિમ્મત ભેગી કરી ફરીથી આ જ સ્થળે રિક્ષા લઇને આવી હેડકોન્સ્ટેબલ, વોર્ડનને ગાળો ભાંડી કેમ મને રિક્ષા રાખવા દેતા નથી? કહી ફરજમાં રૂકાવટ કરી તેમજ પીસીઆર આવતાં તેના ઇન્ચાર્જ સાથે પણ બખેડો કરી ધમાલ મચાવતાં બાદમાં તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી ફરજમાં રૂકાવટ તેજમ દારૂ પીવાનો ગુનો દાખલ કરાયો હતો.

આ બનાવ કેકેવી ચોકમાં બન્યો છે. સતત ટ્રાફિકથી ધમધમતા રહેતા આ ચોકમાં ટ્રાફિક શાખાના હેડકોન્સ. દેવેન્દ્રભાઇરઘુભાઇ અઘેરા અને વોર્ડન ફરજ પર હતાં ત્યારે રિક્ષાવાળો તેની સાથે બખેડો કરી ગયો હતો. દેવેન્દ્રભાઇની ફરિયાદ પરથી તાલુકા પોલીસે રાજકોટના વડવાજડી ગામે મહાદેવના મંદિર પાસે રહેતાં ત્રીસ વર્ષના સાગર કેશુભાઇ સીંગરખીયા વિરૂધ્ધ ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી ધરપકડની તજવીજ આદરી હતી. દેવેન્દ્રભાઇ અઘેરા ટ્રાફિક શાખામાં ફરજ બજાવતાં હોઇ વોર્ડન ઉદયભાઇ છગનભાઇ પાટીલ સાથે કેકેવી ચોક ખાતે ફરજમાં હતાં. આ વખતે કેકેવી ચોક મોચીના શો રૂમ પાસે એક રિક્ષા ટ્રાફિકને અડચણરૂપ ઉભી હોઇ તેના ચાલકને રિક્ષા સાઇડમાં લેવાનું કહેતાં તેણે મારી સાથે બોલાચાલી કરી હતી.

બાદમાં તે ત્યાંથી નાશી ગયો હતો. બાદમાં સાંજે સાડા સાતથેક વાગ્યે આ શખ્સ દારૂ પીને ફરીથી કેકેવી ચોકમાં આવ્યો હતો અને મારી સાથે ફરજ પર રહેલા વોર્ડન ઉદયભાઇ સાથે બોલાચાલી કરી હતી. જેથી મેં તેને સમજાવતાં તેણે તું કેમ મને અહિ રિક્ષા ઉભી રાખવા દેતો નથી તેમ કહી જેમ તેમ બોલી ગાળો દેતાં અને ઝઘડો કરતાં મેં ૧૦૦ નંબરમાં ફોન કરી પીસીઆર બોલાવી હતી. આ પછી પીસીઆરના ઇન્ચાર્જ નિર્મલસિંહ સાથે પણ આ રિક્ષાવાળાએ ઝઘડો કર્યો હતો. બાદમાં આ શખ્સને પકડી લઇ નામ પુછતાં પોતાનું નામ સાગર કેશુભાઇ સીંગરખીયા કહમ્યું હતું. તે નશો કરેલી હાલતમાં હોઇ તાલુકા પોલીસને સોંપી ફરિયાદ દાખલ કરાવી હતી. તેમ વધુમાં હેડકોન્સ. દેવેન્દ્રભાઇએ જણાવતાં પીઆઇ ડી. એમ. હરિપરાની રાહબરીમાં એએસઆઇ એન. એલ. ચાવડાએ કાર્યવાહી કરી આરોપીની ધરપકડની તજવીજ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# લાખાજીરાજ રોડના વેપારીઓનું આંદોલન મોકૂફ

### પાથરાણાવાળાઓ વિરૂદ્ધ ઘણા સમયથી થતી ફરિયાદનો આવ્યો અંત ગઈકાલે મહાનગરપાલિકા ખાતે યોજાઈ સત્તાધીશો અને પદાધિકારીઓ વચ્ચે બેઠક તંત્રએ આપી બાંહેધરી, આંદોલન મોકૂફ

રાજકોટ, તા. ૩૦

છેલ્લા ઘણા દિવસથી પાછળના વાળાઓ અંગે રાજકારણ દરમાઈ રહ્યું છે જેમાં વિવિધ વેપારીઓ દ્વારા તેમને પડતી હાલાકી અંગે તંત્રને અનેક વખત ધ્યાન દોરવામાં આવ્યું હતું અને ખાસ તો એવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી કે જો હવે તંત્ર દ્વારા આ અંગે કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો તેઓ આંદોલનનો માર્ગ અપનાવશે અને આ બાબતે તેમના દ્વારા આજે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી પરંતુ મહાનગરપાલિકાના સત્તાધીશો અને પદાધિકારીઓ દ્વારા આ મામલાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ એક મીટીંગ બોલાવવામાં આવી હતી જેમાં બાહેધરી આપવામાં આવી કે હવે તેઓને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો નહીં કરવો પડે જે બાદ વેપારીઓએ આંદોલનનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો.




શહેરના લાખાજીરાજ રોડ ઉપર દુકાન ધરાવતા તમામ વેપારીઓને પાથરાણા વાળાઓ વિરૂદ્ધ ઘણા સમયથી ફરિયાદ હતી. ત્યારે તાજેતરમાં પાથરણાવાળા સાથે દુકાનદારોને માથાકૂટ થતા લાખાજીરાજ વેપારી ઓસોસીએશન દ્વારા પાથરણાવાળાનો ત્રાસ તંત્ર દ્વાર દુર કરવામાં ન આવે તો આવતી કાલથી ઉપવાસ આંદોલન પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી. જેના પગલે ગઈકાલે બપોરે તમામ ધારાસભ્યો તથા મનપાના પદાધિકારીઓ, અધિકારીઓ સાથે દુકાનદારોએ મીટિંગ યોજી પ્રશ્નનો હલ શોધી કાઢયો હતો અને આ મુદે સ્ટે.ચેરમેન જયમીનભાઇ ઠાકરે જણાવેલ કે, દુકાનદારોની સમંતીથી હવે લાખાજીરાજ રોડ ઉપર એક પણ દબાણો ચલાવી લેવામાં નહીં આવે જેમાં પાથરણાવાળા અને દુકાનદારોએ કરેલા દબાણો દુર કરાશે જેના માટે પોલીસ અને જગ્યા રોકાણ વિભાગની ટીમ દ્વારા દરરોજ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. લાખાજીરાજ રોડ ઉપર વર્ષો થી દુકાનો ધરાવતા વેપારીઓ દ્વારા દુકાની આગળ છૂટ સામાન વેંચતા પાથરણાવાળાઓને દુર કરવા અનેક વખત રજૂઆત કરાઇ હતી.

જેના પગલે ગતવર્ષે પાથરણાવાળાને અલગથી જગ્યા ફાળવવામાં આવેલ છતા થોડા સમયથી ફરી વખત લાખાજીરાજ રોડ પર પાથરણાવાળા ફરી વખત બેસવા લાગતા તેમજ દુકાનદારો સાથે મારામારી કરવાના બનાવો બનતા અંતે વેપારી એસોસીએશન દ્વારા માથાભારે પાથરણાવાળાનો વિરોધ કરી જો આ ત્રાસ બુધવાર સુધીમાં દુર કરવામાં ન આવેતો ગુરુવારથી સાંગણવા ચોક ખાતે ઉપવાસ આંદોલન યોજી કલેક્ટરને આવેદન પત્ર પાઠવવાની ચીમકી ઉચ્ચારી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા ધારાસભ્યોની મધ્યસ્થીથી મામલો ઉકેલવામાં આવ્યો હતો.

અને ફરી વખત આ પ્રશ્ન ઉભો થતા ગઈકાલે તમામ ધારાસભ્યો તથા મનપાના પદાધિકારીઓ, અધિકારીઓએ વેપારી એસોસીએશન સાથે મીંટીગ યોજી પ્રશ્ન હલ કર્યો હતો. જે મુજબ આજથી લાખાજીરાજ રોડ ઉપર પાથરણાવાળાની સાથોસાથ વેપારીઓ પણ દુકાની બહાર કોઇજાતનો સામાન રાખી શકશે નહીં અને જો સામાન હશે તો મનપા દ્વારા જપ્ત કરવામાં આવશે આ મીટીંગમાં વેપારીઓએ તમામ પ્રકારના દબાણો દુર કરવાની સંમીતી આપી આવતીકાલનો ઉપવાસ આંદોલન મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

---

### સોશિયલ મિડીયા થકી વધુ એક લેભાગુએ પોતાનો શિકાર શોધી કાવત્રાને અંજામ આપ્યો

# ઈન્સ્ટાગ્રામથી યુવતિને ફસાવી દૂષ્કર્મ-બ્લેકમેઈલીંગ

### વારંવાર દેહ પીંખી છેલ્લે લગ્નની ના પાડી દીધીઃ બીજી ઘટનામાં પંદર વર્ષની બાળા સાથે મીતનો બળાત્કાર, વિડીયો વાયરલ કરવાની ધમકી દઈ આદીલે પણ પીંખ્યો દેહ

રાજકોટ, તા. ૩૦

સગીરાઓ, વિદ્યાર્થીનીઓ, યુવતિઓ અને પરિણીત તેમજ વિધવા મહિલાઓને મિત્રતા, પ્રેમના નામે ફસાવી શારીરિક શોષણ કરવાના કિસ્સા યથાવત રહ્યા છે. આવા બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. રોજબરોજ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં પજવણી, છેડતી, દૂષ્કર્મના કિસ્સા નોંધાતા રહે છે. વધુ બે આવી ઘટના સામે આવી છે. જેમાં ઈન્સ્ટાગ્રમા થકી એક લેભાગુએ યુવતિનો સંપર્ક કરી તેની સાથે પ્રેમનો ખેલ ખેલ્યો હતો. બાદમાં લગ્નનું વચન આપી દેહસંબંધ બાંધી લઇ ફોટા પાડી લીધા હતાં. એ પછી લગ્ન કરવાની ના પાડી દઇ ફોટા વાયરલ કરવાની ધમકી દઇ શોષણ કર્યુ હતું. બીજા બનાવમાં એક પંદર વર્ષની બાળા સાથે બે વખત દૂષ્કર્મ આચરી લેવાયુ હતું. તેને પણ વિડીયોને આધારે બ્લેકમેઇલ કરી વિડીયો વાયરલ પણ કરી દેવાયો હતો.

પ્રથમ ઘટના લાલબત્તી સમાન છે. ગમે તેની સાથે સોશિયલ મિડીયામાં મિત્રતા બાંધતા પહેલા વિચાર કરવો જરૂરી છે તે વાતની પ્રતીતિ આ ઘટના પરથી થાય છે. દાહોદના લીમડી વિસ્તારમાં રહેતી યુવતીનો ઈન્સ્ટાગ્રામ ઉપર ગાંધીનગરના યુવાન સાથે સંપર્ક થયા બાદ તેણીને લગ્નનું વચન આપી અવારનવાર શરીર સંબંધ બાંધવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેણીને તારછોડીને અંગત પળોના ફોટા બતાવી બ્લેકમેલ કરવામાં આવતી હતી. જે સંદર્ભે હાલ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલના સોશિયલ મીડિયાના જમાનામાં યુવતીઓ યુવાનો વિશે કંઈ પણ જાણ્યા વગર -મમાં પડી જતી હોય છે અને ત્યારબાદ તેમને સર્વસ્વા આપી દીધા બાદ પછતાઓ થાય છે. આવી જ એક ઘટના ગાંધીનગરમાં બનવા પામી છે. જ્યાં મૂળ દાહોદ જિલ્લાના લીમખેડા વિસ્તારના લીમડી ગામમાં રહેતી યુવતી બીએએમએસનો અભ્યાસ કરી રહી હતી.

તે દરમિયાન ઈન્સ્ટાગ્રામ ઉપર ગાંધીનગરના યુવાન પાર્થ ધર્મેન્દ્રભાઈ દવેનો સંપર્ક થયો હતો અને ત્યારબાદ તેણીને પ્રેમ અને લગ્નનું વચન આપ્યા બાદ ગાંધીનગરના લેટ ઉપર લઈ જઈ શરીર સંબંધ બાંધ્યા હતા. આ ઉપરાંત સરગાસણ કુડાસણ અને વડોદરાની હોટલોમાં લઈ જઈ ઘણી વખત બળજબરીપૂર્વક સંબંધ બાંધ્યા હતા. એટલું જ નહીં ઉદેપુર અને વડોદરા જેવા વિસ્તારોમાં ફરવા માટે લઈ જઈને તેણીના નગ્ન ફોટા અને વિડિયો પણ લઈ લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેણીને ધમકી આપવામાં આવી હતી કે જો તે તેની માંગણીઓનો સ્વીકાર નહીં કરે તો આ ફોટા અને વિડીયો વાયરલ કરી દેશે.

ત્યારબાદ તેણીના ક્રેડિટ કાર્ડમાંથી ૩૫,૦૦૦ પણ આ યુવાન દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતા અને લગ્ન કરવાનું વચન આપી યુવતીની માતાને પણ મળ્યો હતો. જોકે ત્યારબાદ તેણે લગ્ન કરવા માટે ઈન્કાર કરી દીધો હતો અને આ યુવતી પરિવાર સાથે તેના ઘરે આવી ત્યારે આ યુવાન ઘર ખાલી કરીને જતો રહ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે આ સમગ્ર ઘટના અંગે હાલ ઈન્ફોસિટી પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને



**યુનિવર્સિટીની કર્મચારી યુવતિને ફોન કરી પજવણીઃ ગિટ દેના ચાહતા હૂં, હોટલ મેં આ જાઓ કહી હેરાનગતિઃ યુવતિ મિત્રોને લઈને પહોંચતા વિકૃત શખ્સ ભાગી ગયો**

વધુ તપાસ શરૂ કરી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

બીજો બનાવ અમરેલીના ખાંભાના ડેડાણ પંથકમાં બન્યો છે. અહિ પંદર વર્ષીય સગીરા સાથે બે બે વખત દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. તેમજ વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયર કરી સગીરને મારી નાખવાની ધમકી આપવા મુદ્દે ત્રણ શખ્સો સામે ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે એકાદ વર્ષ પૂર્વે મીત -વીણભાઈ ચૌહાણ નામના શખ્સે જામકા રોડ ખાતે આવેલા ઘરે સગીરાને બોલાવી સાથે દુષ્કર્મ કર્યું હતું.

ઉપરાંત અરમાન ઈરફાન પડાયા નામના શખ્સે સગીરાને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી આદીલ રહીમભાઈ કચરાની વાડીએ લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે ખાંભા પોલીસ મથકમાં મીત -વિણભાઈ ચૌહાણ, અરમાન ઈરફાનભાઈ પડાયા અને આદીલ રહીમભાઈ કચરા નામના શખ્સ સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આમ દૂષ્કર્મના વધુ બે બનાવ સામે આવ્યા હતાં.

અન્ય એક બનાવમા વડોદરાની ખાનગી યુનિવર્સિટીની ઈન્ટરનેશનલ અફેર્સ એડવાઇઝરને એક યુવક ફોન અને મેસેજ કરી હોટલ પર મિલને આઓગે? આપકો ગિટ દેના ચાહતા હૂં કહીને હેરાન કરતો હતો. તે યુવતીને અભદ્ર મેસેજ પણ કરતો હતો. જેથી યુવતીએ તેને પકડવા મિત્રો સાથે છટકું ગોઠવ્યું હતું. જોકે યુવક ભાગી છૂટ્યો હતો. આ મામલે બાપોદ પોલીસે ગુનો નોંધ્યો હતો. મૂળ મુંબઈ અને હાલ વાઘોડિયા રોડ પર રહેતી ૨૬ વર્ષીય યુવતી ખાનગી યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ અફેર્સ એડવાઇઝર તરીકે નોકરી કરે છે. તેણીને અજાણ્યા નંબરથી યુવતીને મિસ્ડ કોલ કરાયો હતો. જેથી યુવતીએ સામે કોલ કરતાં તે લાગ્યો નહોતો. ત્યારબાદ યુવતીને સોશિયલ મીડિયા પર બપોરે અજાણ્યા નંબર પરથી હાય..રિપ્લાયનો મેસેજ કરાયો હતો.

સામે કોઈ અજાણ્યો યુવક નેમ પ્લીઝ, કોલ મી, રિપ્લાય મી જેવા મેસેજ કર્યા કરતો હતો. ત્યારબાદ યુવકે તેને ફોન કર્યો હતો અને પૂછ્યું હતું કે, અકેલો હો યા નહીં?, બાત કર શકતે હો? જોકે સામે યુવતી પૂછતી હતી કે, આપ કૌન બોલ રહે હો. સામે યુવક કહેતો કે, આપ મુજે નહીં જાનતે, મૈં આપકો જાનતા હૂં. યુવતીએ પૂછ્યું હતું કે, મેરા નંબર કહાં સે મિલા, ત્યારે યુવક મિલ કર બતાઉંગા તેમ કહેતો હતો. આખરે યુવતી ઉશ્કેરાઈ હતી અને બ્લોક કરવા કહ્યું હતું. યુવક કહેતો હતો કે, આપ હોટલ મિલને આઓગે ક્યા? મેં તુમકો કુછ ગિટ દેના ચાહતા હૂં. યુવકે અભદ્ર મેસેજ કર્યા હતા અને કહ્યું હતું કે, મૈં આપકો લોંગ ડ્રાઇવ પે લે જાઉંગા. મૈં વાઘોડિયા ચોકડી આઉંગા, આપ મુજે મિલના.

યુવક વારંવાર મેસેજ-કોલ કરીને યુવતીને હેરાન કરતો હતો. જેથી યુવતીએ આ મામલે તેના મિત્રોને વાત કરી હતી. મિત્રો અને યુવતીએ નક્કી કર્યું હતું કે, વાઘોડિયા ચોકડી જઈશું અને કોણ યુવક છે તે જોઈશું. ત્યારે યુવતીએ તેના મિત્રોને લઈ વાઘોડિયા ચોકડી પહોંચી હતી. જોકે યુવક ત્યાં પહોંચ્યો હતો, પરંતુ યુવતી સાથે ભેલાચાર મિત્રને જોઈને ભાગી છૂટ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

